Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અ ભિ ધ ર્મ

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ....११ ग/१५......

पंजिका संख्या २९६३४/२२-३-२००३

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अभिधर्म

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० 115/15
आगत सं० 29634
तिथि० 25.3.2.002
गुरुकुल ग्रन्थालय काँगड़ी

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સંશોધન ગ્રંથમાળા—ગ્રંથાંક ૨૬

ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ

આદ્ય કુલપતિ: કૈ. વા. ડૉ. આચાર્યશ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ

અ ભિ ધ ર્મ

CHECKED 1973
Initial

વ્યાખ્યાતા

અધ્યા. ધર્માનંદ કોસંબી

पुस्तकालय
गुरुकुल कांगड़ी

પ્રકાશક:
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક : રસિકલાલ છો. પરીખ, અધ્યક્ષ, ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ભદ્ર, અમદાવાદ

વિ. સં. ૨૦૦૦ આવૃત્તિ પહેલી ઇ. સ. ૧૯૪૪
પ્રત ૩૦૦

કીમત બે રૂપિયા

મુદ્રકઃ 'સંદેશ લિમિટેડ'ના મેનેજિંગ ડાયરેક્ટર નંદલાલ ચુનીલાલ બોડીવાળા
મુદ્રણસ્થાન : ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ, માધવલાલ કોલોની, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગની સ્થાપના કરી ત્યારે આ વિભાગના તે વખતના મા. કુલપતિ કૈ. વા. ડૉ. આચાર્યશ્રી આનંદશંકર બા. ધ્રુવે જાણીતા યુનિવર્સિટી-અધ્યાપકો અને સંશોધક વિદ્વાનોને તેઓના ખાસ વિષયો ઉપર વ્યાખ્યાનમાલા આપવા નિમંત્રણો આપવાની વ્યવસ્થા રાખી હતી. અને શક્ય હોય તો તેઓનાં વ્યાખ્યાનો છપાવવાની પણ યોજના કરવામાં આવી હતી.

તે આધારે ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ સમક્ષ પ્રેમાભાઈ હૉલમાં તા. ૨૪-૯-૪૧ થી તા. ૨૭-૯-૪૧ સુધી લેડી વિદ્યાબહેન ર. નીલકંઠના પ્રમુખપણા નીચે અધ્યા. ધર્માનંદ કોસંબીએ "અભિધર્મ" ઉપર પાંચ વ્યાખ્યાનો આપ્યાં હતાં, તે વ્યાખ્યાનો આ યોજના નીચે પ્રસિદ્ધ કરતાં અમોને આનંદ થાય છે.

"અભિધર્મ" જેવા બૌદ્ધધર્મના મહત્ત્વના પ્રધાન વિષયનો પરિચય આપી અધ્યા. કોસંબીજીએ એ વિષયને સરલતાપૂર્વક રજૂ કરવાનો જે પ્રયત્ન કર્યો છે તે બૌદ્ધધર્મના તેમ જ ભારતીય પ્રાચીન સંસ્કૃતિના અભ્યાસકોને ખાસ માર્ગદર્શક થશે, એવી અમોને ખાત્રી છે.

અમારી સંસ્થામાં આ વ્યાખ્યાનમાલા આપી અધ્યા. કોસંબીજીએ જે તકલીફ ઉઠાવી છે તેને માટે અમે તેમનો આભાર માનીએ છીએ.

ભદ્ર, અમદાવાદ,
તા. ૩૦-૯-૧૯૪૪

રસિકલાલ છો. પરીખ
અધ્યક્ષ
ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગ
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

વ્યાખ્યાન ૧ : અભિધર્મના ઊગમ-પૃ. ૩-૧૩

વિષય	પૃષ્ઠ
યતિઓની સંસ્થા	૩
ઋષિમુનિઓના આચાર	૫
ચાર પ્રકારના ધાર્મિક લોકો	૬
બુદ્ધનો નવો માર્ગ	૮
પંચવર્ગીય ભિક્ષુઓનો પ્રતિબોધ	૯
આત્મવાદનું નિરસન...	,,
સ્કન્ધાયતન ધાતુઓમાંથી અભિધર્મનો ઊગમ	૧૨

વ્યાખ્યાન ૨ : અભિધર્મની રૂપરેખા-પૃ. ૧૪-૨૭

ધમ્મસંગણિ	૧૪
રૂપાવચર કુશલ	૧૮
અરૂપાવચર કુશલ	,,
લોકોત્તર કુશલચિત્ત	૧૯
અકુશલચિત્ત	,,
અહેતુક કુશલવિપાક...	૨૧
સહેતુક ,, ...	,,
અકુશલવિપાક	૨૩
અહેતુક ક્રિયા	૨૫
સહેતુક ક્રિયા	૨૬

વ્યાખ્યાન ૩ : અભિધર્મની રૂપરેખા (ચાલુ)-પૃ. ૨૮-૩૯

અકુશલ ચેતસિકો	૩૦
રૂપવિભાગ...	૩૧
બીજું ત્રિક	૩૨
વિભઙ્ગ	૩૩
ધાતુકથા	૩૭
પુગ્ગલપઞ્ઞત્તિ અને કથાવત્થુ...	૩૮
યમક	૩૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાખ્યાન ૪ : ચિત્તોનો સમન્વય-પૃ. ૪૦-૫૦

વિષય	પૃષ્ઠ
પાંચ આલમ્બનો અને ૫ઞ-ચક્ષુદ્વારવીથિ	૪૦
ધમ્મારમ્મણ અને મનોદ્વારવીથિ	૪૨
ધ્યાનવીથિ (અપ્પનાવીથિ)	૪૩
મરણાસન્ન વીથિ	૪૪
ચિત્તોનાં કૃત્યો	૪૫

વ્યાખ્યાન ૫ : પટ્ઠાન (પ્રસ્થાન) પૃ. ૫૧-૬૩

હેતુપ્રત્યય	૫૪
આરમ્મણ (આલમ્બન) પ્રત્યય	૫૫
અધિપતિ પ્રત્યય	૫૬
અનંતર તથા સમનંતર પ્રત્યય	૫૭
સહજાત અને અન્યોન્ય પ્રત્યય	૫૮
નિશ્રય પ્રત્યય	,,
ઉપનિશ્રય પ્રત્યય	,,
પુરાજાત પ્રત્યય	૫૯
પશ્ચાજ્જાત પ્રત્યય	,,
આસેવન પ્રત્યય	,,
કર્મ પ્રત્યય	૬૦
વિપાક પ્રત્યય	,,
આહાર પ્રત્યય	,,
ઇન્દ્રિય પ્રત્યય	,,
ધ્યાન પ્રત્યય	૬૧
માર્ગ પ્રત્યય	,,
સંપ્રયુક્ત પ્રત્યય	,,
વિપ્રયુક્ત પ્રત્યય	,,
અસ્તિ પ્રત્યય	૬૨
નાસ્તિ પ્રત્યય અને વિગત પ્રત્યય	,,
અવિગત પ્રત્યય	,,
ઉપસંહાર	,,
શબ્દસૂચી	૬૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધિપત્ર

પૃ.	પં.	અશુદ્ધ	શુદ્ધ
૧૦	૧૯	આત્મા છે	અનાત્મા છે
૧૧	૧૭	થાય છે,	થાય છે.
૧૨	૨૫	અદ્દોગંગ	અહોગંગ
૧૩	૮	આવ્યું.	આવ્યું."
૧૯	૧૬	દસસ યો.	દસ સંયોજનો
૨૧	૧૪	શ્રોતોવિ.	શ્રોત્ર વિજ્ઞાન
,,	૧૯	કાર્યવિ.	કાયવિજ્ઞાન
૨૨	૧૬	ભવાં રૂપે	ભવાંગરૂપે
૨૩	૧૦	જવ્હાવિ	જિહ્વાવિજ્ઞાન
૨૫	૯	તેમાં અદ્વેષ	તેમાં અલોભ અદ્વેષ એ
૨૭	૬	રુપકંઠ	રૂપકંડ
,,	૯	મૂમિસુ	ભૂમિસુ
,,	૧૦	રૂપશ્ચ	રૂપગ-ચ
,,	,,	હમે	ઇમે
,,	,,	પટ્ઠાને	પટ્ઠાને
,,	૧૮	પટ્ઠાનમાં	પટ્ઠાનમાં
૨૮	૭	સા- આ	સગ-આ
૨૯	૨૨	હોતી.	હોતી.)
૩૧	૧	અસંસ્કારિક	સસંસ્કારિક
,,	૭	અર્થ પામનારું	અર્થવિકાર પામનારું
,,	૧૦	ચતુર્વિજ્ઞાન	ચક્ષુર્વિજ્ઞાનગ્રાહ્ય
૩૨	૧	અનિરૂપતા	અનિત્યતા
,,	૨૦	લોકોનો ′	ત્રિકોનો
૩૩	૧૦	અપ્પમમ્મા	અપ્પમગ-આ
,,	૧૪	સુમન્તભાજનીયં	સુત્તન્તભા૦
૩૫	૬	અસહ્યથી	અસત્યથી
૪૧	૮	(નં. ૨૨-૨૩)	(નં ૨૨-૩૩)
૪૨	૨૧	નિર્માણ	નિર્વાણ
૪૪	૬	લોકોત્તર	રૂપાવચર
૪૫	૨૩	(દરસન)	(દસ્સન)
૪૮	૬	(નં. ૨૨-૨૩)	(નં. ૨૨-૩૩)
૫૧	૪	ઢાનસદ્દો	ઠાનસદ્દો
૫૭	૨૩	સંપ્રતિચ્છન્ન	સંપ્રતીચ્છન
૫૮	૨૩	અનુકૂલ	અકુસલ
,,	ટીપ	તથા ગત.	તથાગતલો૦
૫૯	૨૪	તેને	તેમ
૬૨	૨૩	નિસુદ્ધિમગ્ગતા	વિસુદ્ધિમગ્ગના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિધર્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. અભિધર્મનો ઊગમ

ભગવાન્ બુદ્ધે અને તેમના પ્રમુખ શ્રાવકોએ કરેલા ઉપદેશોનો સંગ્રહ સુત્તપિટકમાં કરેલો છે. તેમાંના સારભૂત ધર્મોનું (પદાર્થોનું) સંપૂર્ણ અને વિશેષ પ્રતિપાદન કરવાના હેતુથી અભિધર્મની રચના કરવામાં આવેલી છે—केन विसेसट्ठेन अभिधम्मो ? धम्मातिरेक-धम्मविसेसट्ठेन ।[1] અભિધર્મમાં ધમ્મસઙ્ગણિ, વિભઙ્ગ, ધાતુકથા, પુગ્ગલ-પઞ્ઞત્તિ, કથાવત્થુ, યમક અને પટ્ઠાન એવાં સાત પ્રકરણોનો સમાવેશ થાય છે. અશોકના સમય પહેલાં આ પ્રકરણો અસ્તિત્વમાં હતાં એમ લાગતું નથી. અશોકે જ્યારે અનેક વિહારો સ્થાપી ભિક્ષુઓના યોગ-ક્ષેમની સારી એવી વ્યવસ્થા કરી ત્યારપછી આવા ગ્રન્થોની રચના કરવાની ફુરસદ તેમને મળી. કથાવત્થુ પ્રકરણ અશોકના ગુરુએ (મોગ્ગલીપુત્ત તિસ્સે) રચ્યાનો ઉલ્લેખ અનેક અટ્ઠકથાઓમાં મળી આવે છે. આ પ્રકરણ પ્રથમ રચાયું હોય અને બાકીનાં તે પછી રચાયાં હોય એમ પણ બનવા જોગ છે. જે ક્રમથી આજે એ પ્રકરણો ઉપલબ્ધ છે તે જ ક્રમે તે લખાયાં હતાં એમ કહી શકાય તેમ નથી.

અભિધર્મના કાળ વિશે અહીં આટલી ચર્ચા પૂરતી છે. આજના વ્યાખ્યાનમાં આપણે અભિધર્મનો સમય નક્કી કરવાનો નથી, પણ તેનો ઊગમ કેવી રીતે થયો તેનું ટૂંકાણમાં વિવેચન કરવાનું છે.

યતિઓની સંસ્થા

આર્યોએ જ્યારે સપ્તસિંધુનો પ્રદેશ જીત્યો, ત્યારે ત્યાં તે પ્રદેશમાં યતિ નામના લોકો રહેતા હતા. આ યતિઓને ઇન્દ્રે કૂતરાઓ પાસે

---

૧ અટ્ઠસાલિનીની શરૂઆતની ગાથાઓ પછીનો ભાગ જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરાવ્યાનો ઉલ્લેખ વૈદિક સાહિત્યમાં અનેક સ્થળે મળી આવે છે.[૧] પણ તે યતિઓ કેવી રીતે પોતાનું જીવન ગુજારતા તથા તેમના આચાર વિચાર કેવા હતા તે વિશે ક્યાંય માહિતી મળતી નથી.

પરંતુ આવી જાતના જે લોકો ગંગા યમુનાના પ્રદેશમાં રહેતા હતા તેઓ ઋષિ કે મુનિને નામે ઓળખાતા. દેવકીનન્દન કૃષ્ણના પરાક્રમને લીધે ઇન્દ્ર મધ્ય હિન્દુસ્તાન જીતી શક્યો નહિ (જુઓ હિન્દી સંસ્કૃતિ અને અહિંસા પૃ. ૨૪–૨૬); અને ઋષિ મુનિઓની સંસ્થા બચી ગઇ. આ લોકો બલિદાનપૂર્વક કરેલા યજ્ઞોમાં માનતા નહિ અને તપશ્ચર્યાને જ વધારે મહત્ત્વ આપતા. આમજનતા ઉપર તેમનો સારો પ્રભાવ હતો. યતિઓનો પણ એવો જ પ્રભાવ હશે. નહિ તો ઇન્દ્રે પોતાના કૂતરા તેમના ઉપર શા માટે છોડયા હોત?

સપ્તસિંધુના બ્રાહ્મણોએ યજ્ઞયાગનો પૂરેપૂરો સ્વીકાર કરીને અહિંસાને ત્યજી દીધી ખરી, પણ તેની સાથે જ સમાજને ઉપયોગી એવાં શાસ્ત્રોનો વિકાસ વધાર્યો. બુદ્ધજન્મથી ત્રણસો–ચારસો વરસ પહેલાં તક્ષશિલા જેવાં જે કેટલાંક વિદ્યાનાં પ્રખ્યાત કેન્દ્રો હતાં તે બધાં આ સપ્તસિંધુના જ પ્રદેશમાં હતાં. ગંગાયમુના–કાંઠાના કાશી વગેરે પ્રાન્તોમાંથી બ્રાહ્મણ અને ક્ષત્રિય કુમારો વરસો સુધી તક્ષશિલામાં રહેતા અને શાસ્ત્રોનું તેમ જ કલાઓનું અધ્યયન પૂરું થતાં સ્વદેશ પાછા જતા. આમ કરતાં કરતાં યજ્ઞયાગનો પ્રસાર પણ મધ્ય દેશમાં થવા લાગ્યો. રાજા પરીક્ષિત અને તેનો પુત્ર જનમેજય, એ બે કુરુ રાજાઓએ તે પ્રસારને ખૂબ ઉત્તેજન આપ્યું;[૨] અને ઋષિ મુનિઓની સંસ્કૃતિ પાછળ પડી. પણ તે નાશ પામી નહિ. તેમણે જંગલનો આશરો લઈને પોતાની તપશ્ચર્યા ચાલુ રાખી; સમાજમાં ભળવાનું ઓછું કર્યું.

---

૧ મૂળ શબ્દ શાલાવૃક છે. કેટલાક ટીકાકારોએ આનો ‘વરુઓને આપ્યા’ એવો અર્થ કર્યો છે. ‘ઇન્દ્રે પોતાના શિકારી કૂતરા યતિઓ ઉપર છોડયા’ એવો અર્થ કરવો વધારે સયુક્તિક લાગે છે.

૨ જુઓ : અહિંસા અને હિન્દી સંસ્કૃતિ પૃ. ૩૮–૩૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋષિમુનિઓના આચાર-વિચાર

આ ઋષિમુનિઓ એકલા અથવા સંઘ બનાવીને જંગલમાં-ખાસ કરીને હિમાલયની તળેટીના અરણ્યમાં-રહેતા અને ખારું-ખાટું ચાખવા (लोणम्बिलसेवनत्थाय) ક્યારેક ક્યારેક લોકવસ્તીમાં આવતા. રાજાથી માંડીને રંક સુધી બધા જ તેમને ખૂબ માનતા. તેઓ ચાતુર્માસમાં આવે તો તેમને માટે ઝૂંપડીઓ બાંધી આપતા અને તેમને ખાવાપીવાની ચીજો પૂરી પાડતા. રાજાઓ તો તેમને પોતાના ઉદ્યાન કે ઉપવનમાં જ ઉતારો આપતા.

તેઓ મોટે ભાગે ચાર પ્રકારની તપશ્ચર્યા કરતાઃ (૧) કંદફળમૂળ ખાઈને ગુજરાન ચલાવતા, અવારનવાર ઉપવાસ કરતા, તથા વલ્કલ અથવા એવાં જ ખડબચડાં વસ્ત્રો વાપરતા. (૨) સ્નાન કરવાનું બંધ કરી પોતાના શરીર ઉપર મેલના થર જામવા દેતા. કેટલાક ઋષિઓના શરીર ઉપર કીડીઓએ રાફડાઓ બનાવ્યાનાં અતિશયોક્તિભર્યાં વર્ણનો સૌએ પુરાણોમાં વાંચ્યાં જ હશે. (૩) કોઈ પણ પ્રાણીની હિંસા ન થાય તે માટે તેઓ ઘણી કાળજી રાખતા; પાણીના ટીપામાંના પ્રાણી ઉપર પણ દયા રાખતા. અને (૪) તદ્દન નિર્જન પ્રદેશમાં જઈને રહેતા. (भगवान् बुद्ध पृ. ૬૩-૬૪ જુઓ.)

તેમની જીવન-ફિલસૂફી સાવ સાદી હતી. અનેક પ્રકારની તપશ્ચર્યા કરીને મરણ પછી દેહ પડતાં બ્રહ્મસાયુજ્ય પ્રાપ્ત કરી શકાશે એમ તેઓ માનતા. આમાં આત્મવાદની માથાકૂટ નહતી. આત્મા અને શરીર એક છે કે ભિન્ન વગેરે વાદોમાં તેઓ પડતા નહિ. યજ્ઞયાગ કરનારા બ્રાહ્મણો તથા ક્ષત્રિયો પોતાનાં સાધનો(યજ્ઞયાગ)ને જોરે મરણ પછી ઈન્દ્રલોકમાં જઈને બધાં કામસુખોનો પૂરેપૂરો લાભ મેળવી શકાશે એમ માનતા. ઋષિ મુનિઓને મન તે સુખ તુચ્છ હતું. તપશ્ચર્યા અને ધ્યાનથી પ્રાપ્ત થતી જે મનની શાંત અને ગંભીર સ્થિતિ, તેનો જ બ્રહ્મલોકમાં ગયા પછી વિકાસ થવાનો છે અને એ જ અનંતકાળ સુધી ટકવાની છે, એટલું જ નહિ પણ એ જ મોક્ષ છે એમ તેઓ માનતા. આ ઋષિસંપ્રદાયમાંથી જ શ્રમણ-સંસ્કૃતિનો ઉદય થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ શ્રવણસંપ્રદાયની વૈદિક બ્રાહ્મણો ઉપર પણ અસર થયા વિના રહી નહિ. એ બ્રાહ્મણોમાંથી કેટલાક પોતાનો જાતાગ્નિ[1] સાથે લઈ અરણ્યમાં જતા અને ત્યાં અવારનવાર બલિદાનપૂર્વક નાનામોટા યજ્ઞો કરીને બાકી રહેલો કાળ તપશ્ચર્યામાં ગાળતા. આ જ તપસ્યાદિ શ્રમણસંસ્કૃતિની અસરવાળા બ્રાહ્મણો વૈદિક—ઔપનિષદ ઋષિઓ છે. એટલે ઔપનિષદ ઋષિઓમાંથી શ્રમણસંસ્કૃતિનો ઉદ્ભવ થયો એ માન્યતા ભૂલભરેલી છે.

ચાર પ્રકારના ધાર્મિક લોકો

મજ્ઝિમનિકાયમાં આવેલા નિવાપસુત્તમાં શ્રમણ બ્રાહ્મણના ચાર પ્રકાર જણાવ્યા છે:

(૧) વિષયસુખમાં જ ધર્મ માનનારા; વૈદિક બ્રાહ્મણો એ આ પ્રકારના હતા. (૨) એ સંપ્રદાયથી કંટાળીને જેમણે જંગલનો આશ્રય લીધો તે બીજા પ્રકારના ગણાય. પણ તેઓ ત્યાં ઝાઝો સમય ટકી શકતા નહિ. ફળ મૂળ ઉપર ગુજરાન ચલાવવું અશક્યપ્રાય બનતું ત્યારે આ લોકો લોકવસ્તીમાં આવતા અને ફરી સંસારની જાળમાં ફસાઈ જતા. (૩) ત્રીજા પ્રકારના ધાર્મિક લોકો તે બુદ્ધસમકાલીન બીજા સંપ્રદાયોના શ્રમણો. એ લોકો ગામની પાસે જ રહેતા પણ પોતાના નિયમપાલનમાં જાગ્રત રહેતા, પણ આત્મવાદની જાળમાં ફસાઈ પડતા; આત્મા છે કે નહિ એવાં અર્થહીન શુષ્ક વાદ ચર્ચા ચલાવતા. (૪) ચોથા પ્રકારના લોકો તે બુદ્ધાનુયાયી શ્રમણો. બીજા શ્રમણોની જેમ જ તેઓ સાવચેતીથી જાગ્રત રહેતા, પણ આત્મવાદમાં પડતા નહિ.[2]

---

૧ બ્રાહ્મણોમાં એક એવી પરંપરા હતી કે જ્યારે પુત્ર જન્મે ત્યારે તેના થકો અગ્નિ અલગ મૂકવામાં આવતો અને તે ઉમરે પહોંચે ત્યારે તેને વડીલો કહેતા કે જો તું ઇચ્છે તો આ અગ્નિ લઈ જંગલમાં જા અને તપશ્ચર્યા કર. અને તારી તેવી મરજી ન હોય તો આ અગ્નિ સાચવી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી અગ્નિહોતા થા—જુઓ, **अग्गिजातक, भगवान् बुद्ध.**

૨ જુઓ પચાસ ધર્મ સંવાદો, સંવાદ ૨૫મો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણીમાત્ર ઉપર દયા કરવી એ ઋષિઓની એક તપશ્ચર્યા હતી એમ આગળ જણાવ્યું જ છે. તેમાંથી જ શ્રમણોનો આત્મવાદ પેદા થયો. પ્રાણી કોણ? નશ્વર દેહ તો નહિ જ. આ શરીરમાં રહેનારો કોઈ પણ કર્તા–કારયિતા વક્તા–વાચયિતા આત્મા એ જ માત્ર સાચો પ્રાણી, સત્ત્વ કે પુદ્ગલ હોવો જોઇએ–તેનો બોધ થાય તો મોક્ષ હાથમાં આવ્યો જ જાણવો. બ્રહ્મલોક શરીરની બહાર કયાંક હોવો જોઇએ, પણ આ આત્મા તો શરીરમાં જ છે તેથી બાહ્ય જ્ઞાન ગૌણ બની આ આત્માના જ્ઞાનને મહત્ત્વ મળ્યું. પ્રાણીઓ ઉપરની દયા શું કે દેહદણ્ડરૂપે તપશ્ચર્યા શું, એ બધું આ આત્માના જ્ઞાનને માટે જ છે.

આ આત્મજ્ઞાનને કારણે કેટલાક શ્રવણોની તપશ્ચર્યામાં પણ થોડું ઘણું પરિવર્તન થયું. આત્માની વ્યાપ્તિ વધતાં વધતાં ચર પ્રાણીઓથી આગળ વધી સ્થિર સજીવ વનસ્પતિ સુધી ગઇ, અને તેનું પરિણામ એવું આવ્યું કે, એ શ્રમણોને પોતાનું ગુજરાન ચલાવવાની બાબતમાં સર્વથૈવ પરાધીન થવું પડયું. ઋષિમુનિઓ પોતાને હાથે જ ઝાડ કાપીને બળતણ માટે લાકડાં ભેગાં કરતા, કંદ અને મૂળ ખોદી કાઢતા, અને ફળ ભેગાં કરીને ખાતા. નિર્ગ્રન્થ જેવા જે શ્રમણો હતા તેમને માટે આ બધું કરવું નિષિદ્ધ મનાવા લાગ્યું. વનસ્પતિકાયને શું કે જલકાયને શું શ્રમણ કેવી રીતે દુઃખ દઇ શકે? આ બધાં કામ ગૃહસ્થો જ કરી શકે. ઠંડું પાણી પણ એનાથી (નિર્ગ્રન્થ કે શ્રમણથી) પિવાય નહિ. ગૃહસ્થે પોતા માટે ઉકાળ્યું હોય તો જ તે લઈ શકે.

કેટલાક શ્રમણોની બાબતમાં તપશ્ચર્યા અને આત્મવાદનો મેળ રહ્યો નહિ. દાખલા તરીકે મક્ખલી ગોસાલ લઇએ. એ એક મોટા સંઘનો આગેવાન હોઈ પરમતપસ્વી હતો. પણ એની ફિલસૂફી એવી હતી કે 'નિયતિ (દૈવ), પરિસ્થિતિ અને સ્વભાવના સંયોગે કરીને આત્મા પરિણત થાય છે (नियतिसंगतिभावपरिणतः); પોતાના કે બીજાના પ્રયત્નથી તેની ઉન્નતિ કે વિકાસ સાધવો શકય નથી; ચોરાશી લક્ષના ફેરામાંથી તે પસાર થાય ત્યારે જ તે મુક્ત થઈ શકે.' આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માન્યતા જો સાચી હોય તો તેની તેમ જ તેના મોટા શ્રાવકસંઘની તપશ્ચર્યા અર્થહીન બનતી હતી. તોપણ તેઓ તપશ્ચર્યા કર્યા જ કરતા !

આ બધી કલ્પનાઓથી કંટાળીને જ અજિત કેસકંબલ જેવા શ્રમણો આત્મા જેવી કોઇ ચીજ જ નથી એમ કહેવા લાગ્યા. તેઓ કહેવા લાગ્યા કે ચાર મહાભૂતોનું[1] યોગ્ય મિશ્રણ થતાં તેમાં ચૈતન્ય પેદા થાય છે અને એ ચૈતન્યને જ આપણે આત્મા કહીએ છીએ. આવા આત્માના ઉદ્ધાર માટે ઉપવાસાદિ વ્રતો કરવાં નકામાં છે. બહેતર તો એ છે કે આહાર વિહારથી શરીરને સુખ આપવું, એ જ સાચો મોક્ષ છે.

બુદ્ધનો નવો માર્ગ

શાકય ક્ષત્રિયોની પડોશમાં કોલિય ક્ષત્રિયો રહેતા હતા. બન્નેના હિત સંબંધો સમાન હતા. એમ હોવા છતાં તેઓ એક બીજા સાથે લડતા. એનું પ્રથમ પરિણામ એ આવ્યું કે બન્નેએ પોતાનું સ્વાતંત્ર્ય ગુમાવ્યું અને બન્નેને કોસલ રાજાને વશ થવું પડયું. તોપણ તેમના ઝઘડાઓનો અંત તો ન જ આવ્યો. રોહિણી નદીના પાણી માટે તેઓ વારંવાર લડતા. યુવાન ગોતમને એ યુદ્ધમાં ભાગ લેવાનું ગમ્યું નહિ. તેથી તેને પોતાનાં ભાઇ ભાંડુઓનો ત્યાગ કરીને પરિવ્રાજક થવું પડયું. સંન્યાસી થયા છતાં, બીજા શ્રમણોની જેમ કેવળ આત્માને પ્રકૃતિના બંધનમાંથી મુક્ત કરવાનું ધ્યેય તેણે પોતાની નજર આગળ રાખ્યું નહિ. વ્યષ્ટિના મોક્ષ સાથે જ સમષ્ટિનો મોક્ષ તેને જોઇતો હતો. એવો કોઇ માર્ગ પોતાને જડી આવે એ હેતુથી તેણે લગભગ સાત વરસ સુધી તપશ્ચર્યા કરી, પણ તેમાં તેને સફળતા મળી નહિ. આખરે તે છોડી દઇને તેણે સ્વતંત્રપણે પોતાની શોધ શરૂ કરી. એશઆરામ કે ભોગવિલાસની પાછળ પડવાથી હરકોઇ માણસ પોતાનો પરિગ્રહ વધારવાનો પ્રયત્ન કરે છે, અને તેથી યુદ્ધો થાય છે એ વાત ગોતમને ગળે ઊતરેલી જ હતી. તપશ્ચર્યાથી પણ યુદ્ધોનો અંત આવે એ બનવા જોગ ન હતું; આત્મમુક્તિની પાછળ પડવાથી

---

૧ પૃથ્વી, અપ, તેજ અને વાયુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસમાત્ર વિશે કેવળ અનાસ્થા પેદા થતી હતી. તેથી ગૌતમે પોતાના નવા માર્ગમાં આત્માને જરાય સ્થાન આપ્યું નહિ. આ જગતમાં દુઃખ છે; એની ઉત્પત્તિ માણસ માત્રની તૃષ્ણામાં છે; એ તૃષ્ણાનો વિરોધ કરવામાં આવે તો જ દુઃખનો નિરોધ થઈ શકે; અને એ નિરોધનો માર્ગ એટલે જ બધા સાથે નિસ્તૃષ્ણ વ્યવહાર કરવો, ખલજન સાથે પણ સાધુતાથી વર્તવું એ છે. એ જ આર્ય અષ્ટાંગિક માર્ગને નામે ઓળખાય છે.

પંચવર્ગીય ભિક્ષુઓનો પ્રતિબોધ

આ નવા માર્ગનો બુદ્ધગયાની આસપાસના મગધના શ્રમણોને ઉપદેશ કરવો તે શક્ય ન હતું. તેઓએ આત્મવાદને આગળ ધરી બુદ્ધને બોલવા જ દીધો ન હોત. પણ બોધિસત્ત્વની અવસ્થામાં બુદ્ધ સાથે રહેનારા પાંચ ભિક્ષુઓ એવા ન હતા. ગૌતમ બોધિસત્ત્વ સાથે વરસો સુધી રહીને તેમણે આત્માને વિશે ધરાઈને ચર્ચા કરી હતી; અને એમ પણ બનવા જોગ છે કે, આત્માને સાવ કોરે મૂકી દઈને તત્ત્વજ્ઞાનનું મંડાણ કરવાની જરૂર છે એવો બોધિસત્ત્વનો વિચાર તેઓ જાણતા હોય, એટલે તત્ત્વબોધ થયા પછી આજુબાજુના શ્રમણોને છોડી દઈને પંચવર્ગીયોને મળવા માટે ખરા ઉનાળાના બળતા તાપમાં ગયાથી બનારસ સુધીનો પ્રવાસ તેણે પગપાળા કર્યો, અને તે પણ ખુલ્લે પગે અને ફરી ફરી ઉપદેશ કરીને સમજાવીને પોતાનો નવો માર્ગ તેમની પાસે સ્વીકારાવ્યો.

આત્મવાદનું નિરસન

ભગવાન બુદ્ધનો આ નવો માર્ગ પંચવર્ગીય ભિક્ષુઓને ગળે ઊતર્યો; પોતાની કે બીજાઓની ઉન્નતિ માટે આત્મવાદની જરૂર નથી, એટલું જ નહિ પણ એ વાદ માણસની ઉન્નતિના માર્ગમાં વિઘ્નકર્તા છે એવી તેમને પ્રતીતિ થઈ. પણ એટલેથી બુદ્ધને ચાલે તેમ ન હતું. પંચવર્ગીયોને આ નવા માર્ગનો પ્રચાર કરવા માટે ચારે કોર તેને મોકલવા હતા. ત્યાં એક ભારે મુશ્કેલી ઊભી થવાનો સંભવ હતો. લોકો તેમને પૂછત કે, આત્માનું સ્વરૂપ તમે કેવું માનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો ! તે છે કે નહિ ? શરીર એ જ આત્મા છે કે આત્મા શરીરથી ભિન્ન છે ? એની ચર્ચામાં ફસાઇ જવાય તો નવા માર્ગના ઉપદેશનું કામ બાજૂએ જ રહી જાય. તેથી આ આત્મવાદની શુષ્ક ચર્ચાથી બચવા માટે તેણે તેમના હાથમાં એક સાધન આપ્યું. અને તે એ હતું કે, આત્માનો સવાલ ઊભો થાય ત્યારે વધારે ચર્ચામાં ન પડતાં તેનું વિશ્લેષણ કરી બતાવવું.

પંચવર્ગીયોને ચાર આર્યસત્યોનો ઉપદેશ ગળે ઊતર્યા પછી ભગવાન બુદ્ધ કહે છે: "ભિક્ષુઓ, જડ શરીર (रूपं) અનાત્મા છે. શરીર જો આત્મા હોત તો તે ઉપદ્રવકારક ન થાત, અને મારું શરીર આવું થાઓ અને આવું ન થાઓ એમ આશા રાખી શકાત. પણ શરીર અનાત્મા છે તેથી જ તે ઉપદ્રવકારક બને છે; અને તે આવું થાઓ અને આવું ન થાઓ એવી આશા રાખવી અસ્થાને છે.

"ભિક્ષુઓ, વેદના અનાત્મા છે, એ જો આત્મા હોત તો તે ઉપદ્રવકારક થાત નહિ; અને એવી આશા રાખી શકાત કે, મારી વેદના એવી થાઓ અને એવી ન થાઓ. પણ જેથી કરીને વેદના અનાત્મા છે, તેથી કરીને તે ઉપદ્રવકારક બને છે, અને તે એવી થાઓ અને એવી ન થાઓ એવી આશા રાખી શકાતી નથી.

"ભિક્ષુઓ, સંજ્ઞા અનાત્મા છે–સંસ્કાર અનાત્મા છે–વિજ્ઞાન આત્મા છે. તે જો આત્મા હોત તો ઉપદ્રવકારક થાત નહિ, અને એમ આશા રાખી શકાત કે મારું વિજ્ઞાન આવું થાઓ અને આવું ન થાઓ. પણ જેથી કરીને વિજ્ઞાન અનાત્મા છે, તેથી કરીને તે ઉપદ્રવકારક થાય છે, અને તે આવું થાઓ અને આવું મા થાઓ એમ આશા રાખી શકાતી નથી.

"ભિક્ષુઓ, જડ શરીર (રૂપ), વેદના, સંજ્ઞા, સંસ્કાર, અને વિજ્ઞાન નિત્ય છે કે અનિત્ય છે ?"

"ભદન્ત, તે અનિત્ય છે." એમ ભિક્ષુઓએ જવાબ આપ્યો.

ભગવાન—જે અનિત્ય હોય છે તે દુઃખકારક હોય છે કે સુખકારક હોય છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિક્ષુઓ—દુઃખકારક હોય છે, ભદન્ત.

ભગવાન—અને જે અનિત્ય, દુઃખકારક, વિપરિણામ પામનારું હોય છે, તે મારું છે, તે હું છું, તે મારો આત્મા છે, એમ માનવું યોગ્ય થશે ખરું ?

ભિક્ષુઓ—નહિ યોગ્ય મનાય, ભદન્ત.

ભગવાન—તેથી જ હે ભિક્ષુઓ, જે કોઈ જડ પદાર્થ અતીત, અનાગત, પ્રત્યુત્પન્ન, આપણા શરીરમાં રહેલો કે શરીરની બહાર રહેલો, સ્થૂલ, સૂક્ષ્મ, હીન, ઉત્કૃષ્ટ, દૂરનો હોય કે નજીકનો હોય, તેમાંનો કોઇ પણ પદાર્થ મારો નથી, તે હું નથી, તે મારો આત્મા નથી, એમ યથાર્થપણે સમ્યગ્ જ્ઞાન વડે જાણવું. જે કોઇ વેદના–જે કોઈ સંજ્ઞા–જે કોઈ સંસ્કાર–તથા જે કોઇ વિજ્ઞાન અતીત, અનાગત, પ્રત્યુત્પન્ન, આપણા શરીરમાં રહેલું કે શરીરની બહારનું, સ્થૂળ, સૂક્ષ્મ, હીન, ઉત્કૃષ્ટ, દૂરનું હોય કે નજીકનું હોય તે મારું નથી. તે હું નથી, તે મારો આત્મા નથી એમ સમ્યક્ જ્ઞાન વડે યથાર્થપણે જાણવું. ભિક્ષુઓ, આ પ્રમાણે જાણતો વિદ્વાન આર્ય-શ્રાવક જડ પદાર્થ (રૂપ) વેદના, સંજ્ઞા, સંસ્કાર તથા વિજ્ઞાનની બાબતમાં વિરક્ત થાય છે, અને વૈરાગ્યને પરિણામે વિમુક્ત થાય છે, અહીં જે આ આત્માના પાંચ વિભાગ પાડયા છે, તેમને સ્કન્ધ કહે છે. આત્મવાદના નિરસન માટે ભગવાન બુદ્ધે આ સ્કન્ધોનો અનેક ઠેકાણે ઉપયોગ કરેલો છે. વૈશાલીનો રહેવાસી સચ્ચક નિગણ્ઠપુત્ત આત્મવાદમાં બુદ્ધનો પરાભવ કરવાના ઉદ્દેશથી લિચ્છવીઓના મોટા સમુદાય સાથે બુદ્ધની પાસે આવ્યો, ત્યારે આવી જ રીતે બુદ્ધે આત્માનું પૃથક્કરણ કરી તેના આત્મવાદનું નિરસન કર્યું.[1] આવા બીજા ઘણા દાખલાઓ આપી શકાય. સંયુત્તનિકાયના સ્કન્ધવારસંયુત્ત નામના ત્રીજા ભાગમાં કેટલાક નાનકડા એવા પરચૂરણ સંયુત્તો બાદ કરતાં બાકીના બધા સંયુત્તોમાં આ પાંચ સ્કન્ધોની જ જુદી જુદી ઢબે ચર્ચા કરેલી છે.

---

૧ પચાસ ધર્મસંવાદો, સંવાદ ૩૫ મો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્કન્ધોની ચર્ચા પછી સંયુત્તનિકાયમાં ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, જિહ્વા, કાય, મન, રૂપ, શબ્દ, ગંધ, રસ, સ્પર્શ (ફોટ્ઠબ્બ) અને ધર્મ એ આભ્યંતર અને બાહ્ય આયતનોની ચર્ચા કરવામાં આવેલી છે. સળાયતન વગ્ગનો મોટો ભાગ આ જ ચર્ચાથી ભરેલો છે. એ ચર્ચામાં ક્યાંક ક્યાંક છ વિજ્ઞાનોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. " चक्खुञ्च पटिच्च रूपे च उप्पज्जति चक्खुविञ्ञाणं...सोतञ्च पटिच्च सद्दे च उप्पज्जति सोतविञ्ञाणं...घानञ्च पटिच्च गन्धे च उपज्जति घानविञ्ञाणं...जिव्हञ्च पटिच्च रसे च उप्पज्जति जिव्हाविञ्ञाणं...कायञ्च पटिच्च फोट्ठब्बे च उपज्जति कायविञ्ञाणं...मनञ्च पटिच्च धम्मेच उप्पज्जति मनोविञ्ञाणं।" એમ બાર આયતનોમાં છ વિજ્ઞાનો ઉમેરીને આત્માના અઢાર વિભાગ કરવામાં આવ્યા છે. અભિધર્મમાં આ વિભાગોને ' धातु 'ના નામથી ઓળખાવવામાં આવે છે. (अट्ठारस धातुओ) સુત્તપિટકમાં આત્માના ભાગોની મોટામાં મોટી સંખ્યા એટલે ઉપર ગણાવેલા અઢારની મળી આવે છે.

સ્કન્ધાયતન ધાતુઓમાંથી અભિધર્મનો ઊગમ

આત્માના આટલા વિભાગો પાડ્યા પછી પણ આત્મવાદ કોઈને કોઈ રૂપે વધતો જ ગયો, એટલું જ નહિ પણ આત્મવાદી શ્રમણો બૌદ્ધ ધર્મમાં પેસીને ત્યાં પણ તેઓ પોતાની ફિલસૂફીનું પ્રતિપાદન કરવા લાગ્યા, અને તેથી સંઘમાં ભાગલા પડ્યા. આ બાબતમાં કથાવત્થુની અટ્ઠકથામાં જે હકીકત છે તેનો ટૂંક સાર અહીં આપવો અસ્થાને નહિ ગણાય. " અશોકે બૌદ્ધ ધર્મની પ્રતિષ્ઠા ખૂબ વધારી. તેથી કરીને બીજા સંપ્રદાયોના શ્રમણોને ભિક્ષા મળવી મુશ્કેલ થઈ પડી, અને તેઓ બૌદ્ધ સંઘમાં દાખલ થઇને પોતાના મતો બૌદ્ધ મત જ છે એમ પ્રતિપાદન કરવા લાગ્યા. તેથી સંઘમાં તડ પડી. તે સાંધવાના ઈરાદાથી અશોકે અહોગંગ પર્વતનિવાસી મોગ્ગલીપુત્ત તિસ્સ નામના સ્થવિરને તેડાવ્યો, અને તેની પાસેથી બૌદ્ધ ધર્મનું રહસ્ય જાણી લીધું. અને પછી તેણે ભિન્ન ભિન્ન મતવાદીઓને જુદા પાડી એકેક સમુદાયને પોતાની પાસે બોલાવી, તેને બુદ્ધનો વાદ કયો, બુદ્ધની ફિલસૂફી કઈ (किंवादी सम्मा सम्बुद्धोति !) એવો સવાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂછ્યો. બુદ્ધ 'શાશ્વતવાદી' હતો એવો એક સમુદાયે જવાબ આપ્યો; બીજાએ એ 'ઉચ્છેદવાદી' હતો એવો જવાબ આપ્યો; એમ ઘણાઓએ બુદ્ધમતથી વિસંગત એવા જવાબ આપ્યા. એ બધાને સફેદ વસ્ત્રો પહેરાવી અશોકે બૌદ્ધ સંઘમાંથી કાઢી મૂક્યા.[1] પણ જેઓ બુદ્ધના સાચા અનુયાયીઓ હતા તેમણે બુદ્ધ ભગવાન વિભજ્યવાદી હતા એવો જવાબ આપ્યો. એ બધાને એકત્ર કરી અશોકે ફરી સંઘમાં એકતા સ્થાપી. એ જ સમયે બૌદ્ધ ભિક્ષુઓની ત્રીજી પરિષદ ભરાઈ અને ત્રિપિટકોનું સંશોધન કરવામાં આવ્યું.

બુદ્ધ વિભજ્યવાદી હતા એટલે કે આત્મા છે કે નહિ એવું ન કહેતાં આત્માના વિભાગ પાડી એ બધા અનિત્ય છે એમ તેઓ બતાવતા. બુદ્ધની મુખ્ય ધર્મદેશના એટલે ચાર આર્યસત્યોની; અને એ દૃષ્ટિએ એમને આર્યસત્યવાદી કહેવા એ વધારે ઉચિત છે. પણ અશોકના વખતમાં આત્મવાદનો ખૂબ પ્રસાર હતો તેથી, બુદ્ધના વિભજ્યવાદને વધારે મહત્ત્વ મળ્યું. સ્થવિરવાદ સંપ્રદાયના ભિક્ષુઓ પણ પોતાને વિભજ્યવાદી કહેવડાવવા લાગ્યા. એવી રીતે સ્કન્ધ, આયતન તથા ધાતુને રૂપે કરેલું આત્માનું વિશ્લેષણ પ્રધાન બન્યું. અને તેની મહત્તા વધી, અને એમાંથી જ અભિધર્મની ઉત્પત્તિ થઈ. આ જ પૃથક્કરણનો વિકાસ ધમ્મસઙ્ગણિમાં થયેલો છે. આ પ્રકરણમાં ચાર અરૂપસ્કન્ધના (વેદના, સંજ્ઞા, સંસ્કાર તથા વિજ્ઞાનના) ૮૯ અથવા ૧૨૧ પ્રકાર અને રૂપસ્કન્ધના ૨૮ પ્રકાર કે ભેદ બતાવવામાં આવેલા છે. અભિધર્મનાં પુગ્ગલપઞ્ઞત્તિ તથા કથાવત્થુ એ બે પ્રકરણો બાદ કરતાં બાકીનાં વિભંગ, ધાતુકથા, યમક અને પટ્ઠાન એ ચાર પ્રકરણો ઉપર ધમ્મસઙ્ગણિની પૂરેપૂરી અસર દેખાય છે. પટ્ઠાન તો આ પહેલા પ્રકરણને અનુસરીને જ રચાયું છે. તેથી અભિધમ્મની મોટે ભાગે એ જ ધમ્મસઙ્ગણિ પ્રકરણ ઉપરથી રચના કરવામાં આવી છે એમ કહેવામાં કશો વાંધો નથી. એનો સાર બીજા વ્યાખ્યાનમાં આપવામાં આવશે.

---

૧ સંઘમાં તડ પાડનાર ભિક્ષુઓ તથા ભિક્ષુણીઓને સફેદ વસ્ત્રો આપી સંઘમાંથી કાઢી મૂકવામાં આવશે એવી મતલબનો ઉલ્લેખ અશોકના સારનાથ આગળના સ્તંભલેખમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધમ્મસંગણિ

અભિધર્મનાં સાત પ્રકરણો છે. તેમાં ધમ્મસંગણિ પ્રકરણ પહેલું છે. પરંતુ કથાવત્થુ અને પુગ્ગલપઞ્ઞત્તિ એ બે પ્રકરણો લખાયા પછી આ પ્રકરણની રચના થઈ હોવી જોઈએ, કારણ કે આ બન્ને પ્રકરણો ઉપર ધમ્મસંગણિની પરિભાષાનો પ્રભાવ જોવામાં આવતો નથી.[1] ખુદ્દનિકાયનાં પંદર પ્રકરણો પૈકી તેર પ્રકરણોનો સમાવેશ એક કાળે અભિધર્મપિટકમાં જ થતો હતો.

"ततो परं, जातकं, निद्देसो, पटिसम्भिदामग्गो, अपदानं, सुत्तनिपातो, खुद्दकपाठो, धम्मपदं, उदानं, इतिवुत्तकं, विमानवत्थु, पेतवत्थु, थेरगाथा, थेरीगाथा इमं तन्ति सङ्गाहेत्वा **खुद्दकगन्थो** नाम अयं ति च वत्वा अभिधम्मपिटकस्मिं येव सङ्गहं आरोपयिंसूति दीघभाणका वदन्ति। मज्झिमभाणका पन चरियापिटकबुद्धवंसेहि सद्धिं सब्बम्पेतं खुद्दकगन्थं नाम सुत्तन्तपिटके परियापन्नं ति वदन्ति।" (સુમંગલવિલાસિની, નિદાનકથા).

ઉપરના અવતરણમાં ખુદ્દકનિકાયને ખુદ્દક ગ્રન્થ કહેવામાં આવેલ છે. જ્યારથી તેને સુત્તપિટકમાં ગણવામાં આવ્યો ત્યારથી તેને નિકાય નામ મળ્યું. આ નાનાશા ગ્રંથસમુદાયને અભિધર્મ કહેતા. અહીં અભિધર્મનો અર્થ ધર્માતિરેક બરાબર લાગુ પડે છે. અભિધર્મ એટલે ખાસ ધર્મ નહિ પરંતુ ધર્મને અનુકૂળ હોય એવાં નાનાં મોટાં પ્રકરણો. ખાસ ધર્મ દીઘનિકાય, મજ્ઝિમનિકાય, સંયુત્તનિકાય અને અઙ્ગુત્તરનિકાય એ ચાર નિકાયમાં આવે છે, અને તેને અનુકૂળ થતાં એવાં બાકીનાં આ પ્રકરણો તે અભિધર્મપિટક. આ ખુદ્દકગ્રંથમાં પુગ્ગલપઞ્ઞત્તિ અને કથાવત્થુનો પણ ઉમેરો થયો હશે. પરંતુ જ્યારે ધમ્મસંગણિની રચના કરવામાં આવી ત્યારે અભિધર્મના અર્થમાં

---

૧ યદ્યપિ કથાવત્થુના અંતિમ ભાગમાં બે ત્રણ કથા એવી છે જેનો સંબંધ અભિધર્મની સાથે જણાય છે. તેમાંથી એક કથા તો ખાસ એવી છે કે જેમાં પટ્ઠાનગત પ્રત્યયોનો નિર્દેશ છે. મારી સમજ એવી છે કે એ કથાઓ કથાવત્થુમાં પાછળથી ઉમેરવામાં આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણી મોટી ક્રાંતિ થઈ ગઈ. તે માત્ર અતિરેક ધર્મ ન રહેતાં વિશેષ ધર્મ બન્યો, અને તેમાં ધમ્મપદ જેવાં પ્રકરણોનો સમાવેશ કરવામાં વિચિત્રતા ભાસવા લાગી. આથી આ બધાને 'ખુદ્દકનિકાય' નામ આપીને સુત્તપિટકમાં ઉમેરવામાં આવ્યાં. તેની સાથે જ પુગ્ગલ-પઞ્ઞત્તિ અને કથાવત્થુને પણ ઉમેરી શકાત. પરંતુ એ પ્રકરણોમાં અમુક અંશે આત્મવાદની અને એવા જ કેટલાક મુદ્દાઓની ચર્ચા હોવાથી તેમને અભિધર્મપિટકમાં જ રાખવામાં આવ્યા હશે.

જે પ્રકરણે અભિધર્મપિટકમાં આવડી મોટી ક્રાંતિ કરી અને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું તેની રૂપરેખા આ વ્યાખ્યાનમાં આપવી યોગ્ય છે. ધમ્મસંગણિ જો સમજવામાં આવે તો બાકીનાં પ્રકરણો સમજવાં સરળ છે. 'कुसला धम्मा, अकुसला धम्मा, अब्याकता धम्मा' આ ત્રિક ધમ્મસંગણિની અનુક્રમણિકા (માતિકા)ની શરૂઆતમાં આવે છે. એ પછી ૨૧ ત્રિક આવે છે. તે પછી 'हेतू धम्मा, नहेतू धम्मा' વગેરે ૧૦૦ દુક (द्विक–જોડી) આવે છે. અહીં સુધી અભિ-ધર્મમાતૃકા ચાલે છે. તે પછી જે ૪૨ દુક આવે છે તેમનો સમાવેશ સુત્તન્તમાતિકામાં થાય છે. ધમ્મસંગણિના નિક્ખેપકંડમાં તેમના ઉપર ટીકા આવે છે, પરંતુ અત્થુદ્ધારકંડમાં તેમને છોડી દેવામાં આવ્યા છે. પટ્ઠાનમાં પણ આ સુત્તન્તિક દુક (જોડી)નું વિવેચન નથી. એટલે આ દુક માત્ર પૂરવણીરૂપે જ છે એમ ગણવું જોઇએ.

આ અનુક્રમણિકા પછી ચિત્તુપ્પાદકંડ, રૂપકંડ, નિક્ખેપકંડ, અને અત્થુદ્ધારકંડ એ ચાર વિભાગો આવે છે. તેમાં પ્રથમ બે વિભાગમાં માત્ર પ્રથમ ત્રિકનું વર્ણન આવે છે.[૧] બધાં મળીને ૩૦૪ પૃષ્ઠોમાંથી ૨૧૦ પૃષ્ઠો તો આના વર્ણનથી ભરેલાં છે. નિક્ખેપકંડમાં સર્વ માતિકાઓનો સમાવેશ છે અને વર્ણન ટૂંકમાં છે. અત્થુદ્ધાર-કંડમાં છેલ્લાં ૪૨ દુક (જોડી) નથી. બાકીનાં તિક–દુકોનું સંક્ષિપ્ત વર્ણન ભિન્ન સ્વરૂપમાં કરવામાં આવ્યું છે. આ બન્ને વિભાગોએ

---

૧ ભાંડારકર ઇન્સ્ટિટયૂટ પ્રકાશિત 'ધમ્મસંગણિ'નો હવાલો અહીં આપવો. સંપાદક બાપટ વ. વાડેકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાકીનાં ૯૪ પૃષ્ઠો રોક્યાં છે. એકવાર પહેલાં ત્રિકનું સવિસ્તર વર્ણન કર્યા પછી તે જ પદ્ધતિ પ્રમાણે બાકીનાં ત્રિકો અને દુકોનો વિસ્તાર વાચકો સહેલાઇથી કરી શકે એમ સમજીને બાકીનું વર્ણન ટૂંકમાં કરવામાં આવ્યું હશે.

પ્રથમ ત્રિકના વર્ણનની શરૂઆત આ રીતે થાય છેઃ–

कतमे धम्मा कुसला ? यस्मिं समये कामावचरं कुसलं चित्तं उप्पन्नं होति सोमनस्स सहगतं ञाणसम्पयुत्तं रूपारम्मणं वा सद्दारम्मणं वा गन्धारम्मणं वा रसारम्मणं वा फोट्ठब्बारम्मणं वा धम्मारम्मणं वा यं यं वा पनारब्भ, तस्मिं समये फस्सो होति (વગેરે)........ये वा पन तस्मिं समये अञ्ञे पि अत्थि पटिच्चसमुप्पन्ना धम्मा, इमे धम्मा कुसला ।

કુશલ ધર્મ કયા ? જે વખતે સૌમનસ્ય સહિત જ્ઞાન સંપ્રયુક્ત કામાવચર કુશલ ચિત્ત રૂપ, શબ્દ, ગંધ, રસ, સ્પૃશ્ય અથવા મનો-ધર્મને અવલંબીને ઊપજે છે તે વખતે સ્પર્શ હોય છે (વગેરે)... અથવા તે સમયે બીજા જે પ્રતીત્ય સમુત્પન્ન થયેલા અરૂપી ધર્મ चित्तचेतसिक એ કુશલ ધર્મ છે.[1]

નરક, તિર્યગ્યોનિ (પશુપક્ષી વગેરે) પ્રેત અને અસુર એ ચાર લોકને અપાયભૂમિ (દુર્ગતિ) કહેવામાં આવે છે. મનુષ્ય અને ચાતુર્મહારાજિક તાવતિંસ, યામ, તુસિત, નિમ્મમાણરતિ, પરનિમ્મિત વસવત્તી એ છ કામાવચર દેવ મળીને સાત પ્રકારની કામસુગતિ ભૂમિ ગણાય છે. આ ૧૧ લોકમાં કામવાસનાનો પ્રાદુર્ભાવ વિશેષ હોવાથી તેમને કામલોક અથવા કામાવચર ભૂમિ કહે છે, તેમનું ચિત્ત મોટે ભાગે વારંવાર પરિવર્તન પામે છે. રૂપાવચર ધ્યાન જેમ ઘણો સમય ટકી શકે છે એમ આ કામાવચર ધ્યાન લાંબો સમય ટકી શકતું નથી. બહુ બહુ તો સાત ચિત્તક્ષણ સુધી ટકે છે અને પછી નાશ પામે છે; ફરી બીજું ઉત્પન્ન થાય છે. આ કામાવચર ચિત્ત પૈકી કામાવચર કુશલચિત્તના આઠ પ્રકાર છે, જે નીચે મુજબ છેઃ—

૧ આ તો માત્ર નમૂનો છે. વિસ્તાર મૂળ પુસ્તકમાંથી જોવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧)	સૌમનસ્યસહગત	જ્ઞાનસંપ્રયુક્ત	અસંસ્કારિક
(૨)	,,	,,	સસંસ્કારિક
(૩)	,,	જ્ઞાનવિપ્રયુક્ત	અસંસ્કારિક
(૪)	,,	,,	સસંસ્કારિક
(૫)	ઉપેક્ષાસહગત	જ્ઞાનસંપ્રયુક્ત	અસંસ્કારિક
(૬)	,,	,,	સસંસ્કારિક
(૭)	,,	જ્ઞાનવિપ્રયુક્ત	અસંસ્કારિક
(૮)	,,	,,	સસંસ્કારિક

આમાંના પ્રથમ ચિત્તમાં અલોભ (ત્યાગબુદ્ધિ), અદ્વેષ (પ્રેમ) અને અમોહ (પ્રજ્ઞા) ત્રણે કુશલ હેતુ છે. અહીં સંસ્કારનો અર્થ બીજાની પ્રેરણાથી પ્રવૃત્તિ એવો થાય છે. કોઈના કહેવાથી કે પુસ્તક વાંચીને જે પ્રવૃત્તિ કરવામાં આવે છે તે સંસ્કારિક અને સ્વતઃ-પ્રેરણાથી થનારી પ્રવૃત્તિ તે અસંસ્કારિક ગણવી. જ્યારે કોઈ માણસ આનંદિત મન વડે પ્રજ્ઞાપૂર્વક પોતાના જ વિચારથી દાન આપે છે, બીજાને મદદ કરે છે કે ધર્મશ્રવણ અને ચિંતનાદિ પુણ્યકર્મો કરે છે ત્યારે આ ચિત્ત ઉત્પન્ન થાય છે. આ જ કાર્યો તેવા જ અંતઃકરણથી પણ જ્યારે બીજાની પ્રેરણાથી કરે છે ત્યારે તેનું ચિત્ત સસંસ્કારિક છે એમ ગણવું.

કોઈ માણસ ઝાઝો વિચાર ન કરતાં પોતાની જ અંતઃ-પ્રેરણાથી સત્કાર્ય કરવા પ્રવૃત્ત થાય છે ત્યારે તેનું ચિત્ત જ્ઞાનવિપ્રયુક્ત અસંસ્કારિક હોય છે. પ્રેસિડેન્ટ લિંકન એકવાર ઑફિસમાં જતા હતા ત્યારે રસ્તામાં કીચડમાં પડેલું એક ડુક્કર તેમની નજરે પડયું. તેની દર્દભરી ચીસો સાંભળીને લિંકન તે કીચડમાં કૂદી પડયો અને ડુક્કરને બહાર કાઢયું. કાદવથી ખરડાયેલ પોષાક તરફ જોઈને ઑફિસના માણસોએ લિંકનને તેનું કારણ પૂછ્યું. લિંકને બનેલો બનાવ કહી સંભળાવ્યો; અને તે લોકોએ લિંકનની દયા માટે બહુ સ્તુતિ કરી. એટલે લિંકન બોલ્યા: “ આમાં વખાણ કરવા જેવું કશું નથી. જો મેં મારા પોષાકની કીમત અને ડુક્કરની કીમતની સરખા-મણીનો વિચાર કર્યો હોત તો હું એને અડકયો પણ ન હોત. ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં લિંકનનું ચિત્ત સૌમનસ્યસહગત (હ્યાસ્ય) જ્ઞાનવિપ્રયુક્ત અસંસ્કારિક (સ્વતઃપ્રેરિત) હતું. પરંતુ કોઈ માણસ માત્ર ફરજ તરીકે અથવા બીજા કોઈ કારણે વગર આનંદે જ્યારે આ કાર્યો કરે છે ત્યારે તેનું ચિત્ત ઉપેક્ષાસહગત હોય છે. આ રીતે સૌમનસ્ય, ઉપેક્ષા, જ્ઞાનસંપ્રયુક્ત, જ્ઞાનવિપ્રયુક્ત એમ ચાર અને એ ચારેના અસંસ્કારિક અને સસંસ્કારિક એમ ભેદ કરવાથી આઠ ભેદ થાય છે.

રૂપાવચર કુશલ

કામલોકની ઉપરનો લોક તે રૂપલોક કે રૂપાવચર ભૂમિ. તેમાંના કુશલચિત્તના પાંચ વિભાગ છેઃ—

(૯) વિતર્ક–વિચાર–પ્રીતિ–સુખ–એકાગ્રતાસહિત પ્રથમ ધ્યાનકુશલચિત્ત
(૧૦) વિચાર–પ્રીતિ–સુખ–એકાગ્રતાસહિત દ્વિતીય–ધ્યાનકુશલચિત્ત
(૧૧) પ્રીતિ–સુખ–એકાગ્રતાસહિત તૃતીય ધ્યાનકુશલચિત્ત
(૧૨) સુખ–એકાગ્રતાસહિત ચતુર્થ ધ્યાનકુશલચિત્ત
(૧૩) ઉપેક્ષા–એકાગ્રતાસહિત પંચમ ધ્યાનકુશલચિત્ત

વિતર્ક, વિચાર, પ્રીતિ, સુખ અને એકાગ્રતા એ પ્રથમ ધ્યાનનાં પાંચ અંગો છે. (આવું વિવેચન સમાધિમાર્ગના પહેલા પ્રકરણમાં જોવું.) આમાંથી એકાગ્રતા પાંચે ધ્યાનોમાં હોય છે. બાકીનાં અંગો પૈકી એક અંગ ઉત્તરોત્તર ઓછું થતું જાય છે, અને પાંચમા ધ્યાનમાં સુખની જગ્યાએ ઉપેક્ષાવેદના આવે છે.

અરૂપાવચર કુશલ

રૂપલોકની ઉપર અરૂપલોક. તેના કુશલચિત્તના નીચે મુજબ ચાર ભેદ છેઃ—

(૧૪) આકાશાનંત્યાયતનકુશલચિત્ત
(૧૫) વિજ્ઞાનાનંત્યાયતનકુશલચિત્ત
(૧૬) આકિંચન્યાયતનકુશલચિત્ત
(૧૭) નૈવસંજ્ઞાનાસંજ્ઞાયતનકુશલચિત્ત

બધાં રૂપાવચર ધ્યાન સિદ્ધ થયા પછી આ ધ્યાનો સિદ્ધ કરી શકાય છે. પાંચમા ધ્યાનનાં ઉપેક્ષા અને એકાગ્રતા એ બન્ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગો આ બધામાં હોય છે. અહીં માત્ર આલંબન (ધ્યાનનો વિષય) બદલાતું જાય છે. (આ સંબંધેનું વિવેચન સમાધિમાર્ગના આઠમા પ્રકરણમાં જોવું.)

લોકોત્તર કુશલચિત્ત

કામ, રૂપ અને અરૂપલોક પછી લોકોત્તરચિત્ત આવે છે. તેના ચાર પ્રકાર છેઃ—

(૧૮) સ્રોતાપત્તિમાર્ગચિત્ત
(૧૯) સકૃદાગામિમાર્ગચિત્ત
(૨૦) અનાગામિમાર્ગચિત્ત
(૨૧) અરહન્માર્ગચિત્ત

સત્કાયદૃષ્ટિ (આત્મા જેવો કોઇ પદાર્થ છે અને તે નિત્ય છે એવી દૃષ્ટિ), વિચિકિત્સા (બુદ્ધ, ધર્મ અને સંઘ વિશે શંકા), શીલવ્રતપરામર્શ (સ્નાન વગેરે વ્રતો કરવાથી મુક્તિ મળે છે એવી શ્રદ્ધા), કામરાગ (કામવાસના), પ્રતિઘ (ક્રોધ), રૂપરાગ (બ્રહ્મલોકપ્રાપ્તિની વાસના), અરૂપરાગ (અરૂપાવચર દેવલોકપ્રાપ્તિની વાસના), માન (અહંકાર), ઔદ્ધત્ય અને અવિદ્યા આ દસસ યોજનો છે. તેમાંનાં પ્રથમ ત્રણ સંયોજનોનો ક્ષય સ્રોતાપત્તિમાર્ગથી થાય છે. સકૃદાગામિમાર્ગ તે પછીનાં બે સંયોજનો શિથિલ કરે છે, અનાગામિમાર્ગ તેમનો પણ ક્ષય કરે છે અને અરહન્માર્ગ બાકી રહેલા પાંચેનો ક્ષય કરે છે. (બુદ્ધ, ધર્મ અને સંઘ, પરિશિષ્ટ બીજું જુઓ.)

આમ કામાવચર ૮, રૂપાવચર ૫, અરૂપાવચર ૪ અને લોકોત્તર ૪ મળીને કુશલચિત્તોની કુલ સંખ્યા ૨૧ થાય છે. એ જ કુશલ ધર્મ કહેવાય છે.

અકુશલચિત્ત

ત્યાર પછી 'अकुसला धम्मा' ના મથાળા નીચે ૧૨ અકુશલચિત્ત આવે છે. તે નીચે મુજબ છેઃ—

(૨૨)	સૌમનસ્યસહગત	દૃષ્ટિસંપ્રયુક્ત	અસંસ્કારિક
(૨૩)	,,	,,	સસંસ્કારિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨૪)	સૌમનસ્ય સહગત	દૃષ્ટિવિપ્રયુક્ત	અસંસ્કારિક
(૨૫)	,,	,,	સસંસ્કારિક
(૨૬)	ઉપેક્ષાસહગત	દૃષ્ટિસંપ્રયુક્ત	અસંસ્કારિક
(૨૭)	,,	,,	સસંસ્કારિક
(૨૮)	,,	દૃષ્ટિવિપ્રયુક્ત	અસંસ્કારિક
(૨૯)	,,	,,	સસંસ્કારિક

આ આઠ લોભસહગતચિત્ત છે.

(૩૦)	દૌર્મનસ્યસહગત	પટિઘસંપ્રયુક્ત	અસંસ્કાદિક
(૩૧)	,,	,,	સસંસ્કારિક

આ બન્ને પ્રતિઘ (ક્રોધ) ચિત્ત છે.

(૩૨)	ઉપેક્ષાસહગત	વિચિકિત્સાસંપ્રયુક્ત
(૩૩)	,,	ઔદ્ધત્યસંપ્રયુક્ત

આ બન્ને મોમૂહ (મોહમય) ચિત્ત છે.

જ્યારે કોઈ માણસ કોઈ એક ખોટા મતનો સ્વીકાર કરીને બીજો કોઈ તેને પ્રવૃત્ત ન કરે તોપણ આનંદિત મનથી પાપ કરે છે, ત્યારે આમાંનું પ્રથમ ચિત્ત ઉત્પન્ન થાય છે. દાખલા તરીકે, રાષ્ટ્રિય દૃષ્ટિ સ્વીકારીને જે મુત્સદ્દી બીજા દેશો કબજે કરે છે, રાજકારણમાં અસત્ય બોલે છે અથવા તો એવું જ કોઈ બીજું પાપ આનંદપૂર્વક અને ઉત્સાહપૂર્વક કરે છે, ત્યારે તેનું ચિત્ત આ પ્રકારનું હોય છે. તે જ પાપ આનંદપૂર્વક અને ઉત્સાહપૂર્વક કરે પણ જો બીજાની પ્રેરણાથી કરે તો તે વખતે તેનું ચિત્ત સસંસ્કારિક હોય છે. કોઈ પણ મતનો સ્વીકાર ન કરતાં જે પાપ કરે છે તેના ચિત્તને દૃષ્ટિવિપ્રયુક્ત ગણવું.

પ્રતિઘચિત્ત એટલે પ્રતિઘાત કરનારું કે કરવાની ઇચ્છા ધરાવનારું ક્રોધયુક્ત ચિત્ત સમજવું. તે જો કોઈની પ્રેરણા સિવાય ઉત્પન્ન થાય તો અસંસ્કારિક અને પ્રેરણાથી ઉત્પન્ન થાય તો તેને સસંસ્કારિક ગણવું.

વિચિકિત્સા એટલે સંશય અને ઔદ્ધત્ય એટલે ભ્રાન્તતા અથવા અસ્થિરતા. આ બન્નેથી યુક્ત એવું ચિત્ત મૂઢ બને છે. સંશય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

२१६३४ २५.३.२००३
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
११/१५

ગ્રસ્ત માણસ ગૂંચવણમાં પડે છે અને કશું જ કરી શકતો નથી. તે જ મુજબ અતિ પરિશ્રમ વગેરેને લીધે ભ્રાન્ત થયેલ ચિત્ત પણ વિચારમૂઢ થાય છે. અહીં બીજા માણસદ્વારા સંશય ઉત્પન્ન થઈ શકે છે, પરંતુ શંકાને લીધે પ્રવૃત્તિ થતી નથી. ભ્રાન્તતા (ઔદ્ધત્ય) કોઈ ઉત્પન્ન કરતું નથી. આથી અસંસ્કારિક અને સસંસ્કારિકના ભેદ આ ચિત્તમાં હોઈ શકતા નથી.

અહેતુક કુશલવિપાક

ઉપર જણાવેલાં ૨૧ કુશલઃઅને બાર અકુશલ ચિત્ત બાદ કરતાં બાકીનાં ૫૬ ચિત્ત અને રૂપસ્કન્ધના બધા ભેદ ' अव्याकता धम्मा 'ના મથાળા નીચે આવે છે. કુશલ અને અકુશલ જે વ્યાકૃત નથી (જેનું વર્ણન કરવામાં નથી આવ્યું) તે અવ્યાકૃત ધર્મ. અવ્યાકૃત-ચિત્તના વિપાકાવ્યાકૃત અને ક્રિયાવ્યાકૃત એવા બે ભેદ છે. તેમાં અહેતુક કુશલવિપાક ચિત્ત આઠ છે. તે આ મુજબ છેઃ—

(૩૪) ચક્ષુર્વિજ્ઞાન, (૩૫) શ્રોતોવિજ્ઞાન, (૩૬) ઘ્રાણવિજ્ઞાન, (૩૭) જિહ્વાવિજ્ઞાન, (૩૮ કાયવિજ્ઞાન, (૩૯) મનોધાતુ, (૪૦) મનોવિજ્ઞાનધાતુ ઉપેક્ષાસહગતા અને (૪૧) મનોવિજ્ઞાનધાતુ સૌમનસ્ય-સહગતા.

આમાંના ચક્ષુર્વિજ્ઞાનાદિ ચાર વિજ્ઞાન અને મનોધાતુ ઉપેક્ષા-સહગત જ હોય છે. કાર્યવિજ્ઞાન સુખસહગત હોય છે. આ આઠ ચિત્તનું અને હવે પછી આવનારાં આવાં જ અકુશલવિપાક સાત ચિત્તનું જ આગળ વિવરણ આવવાનું છે.

સહેતુક કુશલવિપાક

જેમ કામાવચર, રૂપાવચર અને અરૂપાવચર ૧૭ ચિત્ત (નં. ૧–૧૭) ગણાવ્યાં તેવી જ રીતે તેમના ૧૭ વિપાક છે. ઉત્કૃષ્ટ કામાવચર કુશલચિત્તનો વિપાક પણ તેના જેવો જ થાય છે. ફેર માત્ર એટલો જ કે કુશલ કર્મમાં પ્રવૃત્તિ અને વેગ (जलन) હોય છે અને તેના વિપાકની ગતિ શાંત હોય છે. આમાંનો એક વિપાક પ્રતિસંધિરૂપથી અને બીજો તદારમ્મણરૂપથી બને છે. આ બન્નેનું

पुस्तकालय गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવેચન હવે પછીના વ્યાખ્યાનમાં કરવામાં આવશે. અહીં પ્રતિસંધિની થોડીક માહિતી માત્ર આપું છું. એક જન્મમાં મરણ થયા પછી તે જન્મનાં કર્માનુસાર તરત જ બીજા જન્મના આરંભમાં જે ચિત્ત ઉત્પન્ન થાય છે તેને પ્રતિસંધિ કહે છે.

સૌમનસ્ય સહગત જ્ઞાનસંપ્રયુક્ત અસંસ્કારિક એ નામ કુશલચિત્તની જેમ જ તેના વિપાકને પણ લાગુ પડે છે. ફેર માત્ર એટલો જ કે પહેલાને કુશલ અને બીજાને વિપાક કહે છે. કોઈ માણસ જન્મત: જ આનંદી તેમ જ અલોભ, અદ્વેષ અને અમોહ (પ્રજ્ઞા) વડે સંપન્ન હોય છે. પરંતુ એમાં અસંસ્કારિક અને સસંસ્કારિક એવા ભેદ કેમ આવે છે ? ખરું જોતાં આ ભેદ વિપાકચિત્તમાં આવતા નથી. અસંસ્કારિક કે સસંસ્કારિક ચિત્તના જ તેઓ વિપાક હોવાથી તેવાં તેનાં જ નામ તેને આપવામાં આવ્યાં છે. અમુક માણસનું મુખ અરીસામાં દેખાય છે એમ જ્યારે આપણે બોલીએ છીએ ત્યારે સાચા મુખનું નામ આપણે તેના પ્રતિબિંબને આપીએ છીએ. તે જ જાતનું આ પણ છે. જે ચિત્ત પ્રતિસંધિ બને છે તે જ બીજી ક્ષણથી ભવાંગરૂપે[1] ચાલુ રહે છે અને આખરે ચ્યુતિરૂપે (મૃત્યુ રૂપે) નાશ પામે છે. તે પછી તરત જ પ્રતિસંધિ. આ રીતે આ સંસારચક્ર ચાલે છે.

જેમ કામાવચર ચિત્તના આઠ વિપાક થાય છે તેવી જ રીતે રૂપાવચર પાંચ કુશલચિત્તના પણ પાંચ વિપાક થાય છે. આ જન્મમાં જો તે તે ધ્યાન સંપાદન કરવામાં આવે તો તેથી બ્રહ્મલોકમાં તે તે ધ્યાનભૂમિમાં પ્રતિબંધિ થાય છે. તેવી જ રીતે આકાશાનંત્યાયતનના અભ્યાસથી આકાશાનંત્યાયતનભૂમિમાં પ્રતિસંધિ થાય છે. વિજ્ઞાનાનંત્યાયતનાદિના અભ્યાસથી તે તે આયતનભૂમિમાં પ્રતિસંધિ થાય છે.

લોકોત્તર વિપાક જરા જુદા છે. તે આ જ જન્મે મળે છે અને જવસંપન્ન હોય છે; તેનાં નામ સ્રોતાપત્તિફલચિત્ત, સકૃદા-

૧ ઊંઘમાં કે એવા જ પ્રસંગે કામ કરતું ચિત્ત. ભવ (જીવન) નું આધારભૂત અંગ હોવાથી તેને ભવાંગ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામિફલચિત્ત, અનાગામિફલચિત્ત, અને અરહત્ફલચિત્ત છે. તે તે માર્ગે તે તે સંયોજનોનો નાશ થયા પછી નિર્વાણને આલંબન રાખીને જે સમાધિ પ્રાપ્ત થાય છે તેને ફલ કહે છે. માર્ગો (નં ૧૬ થી ૨૧) પ્રાપ્ત થયા પછી આ ફલો આવે છે, તેથી તેને તે માર્ગના વિપાક ગણવામાં આવે છે.

આ રીતે નં. ૪૨ થી ૬૨ સુધી ૨૧ કુશલવિપાકચિત્ત જાણવાં.

અકુશલવિપાક

કુશલવિપાક પછી અકુશલવિપાકચિત્ત આવે છે. તે આ પ્રમાણેઃ–
(૬૩) ચક્ષુર્વિજ્ઞાન, (૬૪) શ્રોત્રવિજ્ઞાન, (૬૫) ઘ્રાણવિજ્ઞાન, જિહ્વાવિજ્ઞાન, (૬૭) કાયવિજ્ઞાન, (૬૮) મનોધાતુ અને (૬૯) મનોવિજ્ઞાનધાતુ.

આમાં માત્ર કાયવિજ્ઞાન દુઃખસહગત છે, બાકીનાં છ ઉપેક્ષા-સહગત હોય છે. અગાઉ જે (નં. ૩૪–૪૧) અહેતુક કુશલવિપાક-ચિત્ત ગણાવ્યાં તેમાં અને આમાં ફરક નીચે મુજબનો છેઃ—

કુશલવિપાકનું આલંબન ઇષ્ટ હોય છે, અને આનું અનિષ્ટ હોય છે, એ પ્રથમ ફેર. રૂપ, શબ્દ, ગંધ, રસ અને સ્પૃશ્ય આ આલંબનો પૃથ્વી, અપ્, તેજ અને વાયુ એ ચાર મહાભૂતોના સંયોગથી બને છે. તો પછી તેમાંના સર્પ વગેરેનાં રૂપો આપણને અનિષ્ટ કેમ હોય છે? અને પ્રિયજન વગેરે પદાર્થોનાં રૂપો આપણે માટે ઇષ્ટ શા માટે છે? આભિધર્મિકો આનો જવાબ એ આપે છે કે, તે આપણા પૂર્વ જન્મના કર્મનું ફળ છે, પૂર્વ જન્મના અકુશલ કર્મોને લીધે આ જન્મમાં કેટલાંક આલંબનો (વિષયો) અનિષ્ટ લાગે છે અને કુશલકર્મને લીધે ઇષ્ટ લાગે છે.

આ કુશલ અકુશલના વિપાકમાં બીજો તફાવત એ છે કે, કુશલવિપાક કાયવિજ્ઞાનસુખસહગત હોય છે અને અકુશલવિપાક દુઃખસહગત હોય છે. ત્રીજો તફાવત એ છે કે, કુશલવિપાક મનો-વિજ્ઞાનધાતુ બે પ્રકારની હોય છે. જ્યારે અત્યંત ઇષ્ટ મિત્ર જેવું આલંબન હોય છે ત્યારે આ મનોવિજ્ઞાનધાતુ સૌમનસ્યસહગત હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, અને માત્ર ઇષ્ટ આલંબન હોય છે ત્યારે તે ઉપેક્ષાસહગત હોય છે. અકુશલવિપાકચિત્તનું આલંબન અનિષ્ટ જ હોવાથી તેના વિપાકમાં સૌમનસ્ય શક્ય જ નથી.

અહીં આવેલાં ચક્ષુર્વિજ્ઞાનાદિ પાંચ વિજ્ઞાન સ્પષ્ટ જ છે. તે કેમ ઉદ્ભવે છે તેનો વિચાર હવે પછીના (ચોથા) વ્યાખ્યાનમાં કરીશું. આ પાંચે ઉત્પન્ન થઈને નાશ થતાંની સાથે જ તે તે આલંબન સ્વરૂપને અંતઃકરણમાં લઇ જનારા ચિત્તને વિપાકમનોધાતુ કહે છે. આલંબનસ્વરૂપને ગ્રહણ કરવાનું કાર્ય (પાલિ सम्पटिच्छन) આ ચિત્તનું હોવાથી અનુરુદ્ધાચાર્યે અભિધમ્મત્થસંગહમાં એને સંપટિચ્છન એ જ નામ આપ્યું છે.

આ મનોધાતુનો નિરોધ થતાં તરત જ વિપાકમનોવિજ્ઞાનધાતુ ઉત્પન્ન થાય છે. મનોધાતુએ ગ્રહણ કરેલ આલંબનનો સાંગોપાંગ વિચાર કરવો એ એનું કાર્ય છે. તેને સંતીરણ કહે છે, અને અભિધમ્મત્થસંગહમાં મનોવિજ્ઞાનધાતુનો ઉલ્લેખ આ જ નામથી કરવામાં આવ્યો છે. સંતીરણ કરવાનું કાર્ય આ ધાતુનું પ્રમુખ કર્તવ્ય છે, છતાં તે ઉપરાંત બીજાં ચાર કાર્યો પણ તે કરે છે. તેમાંની જે ઉપેક્ષા સહગત (કુશલવિપાક અથવા અકુશલવિપાક) હોય છે તે તદારમ્મણ, પ્રતિસંધિ, ભવાંગ અને ચ્યુતિ એ ચાર કાર્યો કરે છે. સૌમનસ્યસહગત કેવળ સંતીરણ અને તદારમ્મણ એ જ કાર્યો કરે છે. તદારમ્મણનું વિવરણ ચોથા વ્યાખ્યાનમાં કરીશું. અહીં તો આ ધાતુ વડે પટિસંધિ (પ્રતિસંધિ) કઇ રીતે બને છે એ ટૂંકમાં કહીશ.

કુશલકર્મના ત્રણ હેતુ જેમ અલોભ, અદ્વેષ અને અમોહ છે તેવી જ રીતે લોભ, દ્વેષ અને મોહ એ ત્રણ અકુશલકર્મના હેતુ છે. પરંતુ કુશલ હેતુઓમાં જે મેળ છે તેવો મેળ અકુશલ હેતુઓમાં નથી. લોભ અને દ્વેષ એકત્ર રહી જ શકતા નથી. બધાં અકુશલમાં મોહ હોય છે જ, પરંતુ તે લોભ કે દ્વેષ કોઇને સબળ બનાવી શકતો નથી. તેને તે દુર્બળ જ બનાવે છે. આથી અકુશલ કર્મોનો વિપાક સહેતુક બનતો નથી. શ્વાપદ વગેરેની પ્રતિસંધિમાં લોભ, દ્વેષ અને મોહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊતરતા નથી, તે કેવળ અહેતુક હોય છે અને તે ઉપર બતાવેલ અકુશલવિષયો મનોવિજ્ઞાનધાતુ વડે જ થાય છે. તેનું આ ચિત્ત આમરણ રહે છે અને અંતે મૃત્યુરૂપે (ચુતિરૂપે) નાશ પામે છે.

કુશળહેતુઓનો પરસ્પરની સંગતિથી વિકાસ થાય છે અને તે કુશલ કર્મોને દૃઢમૂલ બનાવે છે. આથી આ ત્રણે હેતુઓ પ્રતિસંધિમાં ઊતરી શકે. જેમનાં કર્મો આ ત્રણે હેતુઓને પરિણામે ઉત્કૃષ્ટ હોય છે તેમની પ્રતિસંધિ ત્રિહેતુક બને છે. જેઓ અમોહની (પ્રજ્ઞાની) અભિવૃદ્ધિ કરતા નથી તેમની પ્રતિસંધિ દ્વિહેતુક બને છે; તેમાં અદ્વેષ બે જ હેતુઓ ઊતરે છે. પરંતુ જેમનાં કુશલકર્મો જ્ઞાનયુક્ત નથી હોતાં પરંતુ દુર્બલ હોય છે તેમની પ્રતિસંધિમાં કોઇ હેતુ હોતો નથી. જન્મથી જ જેઓ અંધ, બધિર આદિ હોય છે તેમને આવી પ્રતિસંધિ હોય છે. તેને કુશલવિપાક એટલા માટે જ કહેવામાં આવે છે કે, આ લોકો મનુષ્યલોકમાં જન્મે છે અને અપાયિક (પશુ યોનિ ઇ૦ યોનિઓ) જેટલું દુઃખ ભોગવતા નથી. આ પ્રતિસંધિ ઉપર કહેલ કુશલવિપાક ઉપેક્ષાસહગત અહેતુક મનોધાતુ વડે બને છે. આ પ્રમાણે બે અહેતુક અને આઠ સહેતુક (નં. ૪૨–૪૯) મળીને દસ કામાવચર પ્રતિસંધિ થાય છે.

અહેતુક ક્રિયા

આ પછી ક્રિયાવ્યાકૃત ધર્મ આવે છે. તેમાં ત્રણ અહેતુક છે; તે આ પ્રમાણે:—

(૭૦) ક્રિયામનોધાતુ, (૭૧) અહેતુકક્રિયામનોવિજ્ઞાનધાતુ સૌમનસ્ય-સહગતા અને (૭૨) અહેતુકક્રિયાવિજ્ઞાનધાતુ ઉપેક્ષાસહગતા.

આમાંથી ક્રિયામનોધાતુનું કાર્ય પાંચમાંથી એક આલંબન તરફ મનને વાળવાનું છે. તેને પંચદ્વારાવજ્જન કહે છે, અને અભિધમ્મત્થ-સંગહમાં એ જ નામથી તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સંતીરણ સુધી કૃત્યો થયા પછી તે વિષયનું વોટ્ઠપન (વ્યવસ્થાપન) કરવું પડે છે. એ કૃત્ય કેવળ ક્રિયા છે. તે પણ ક્રિયામનોવિજ્ઞાનધાતુ કરે છે. અને જ્યારે પંચેન્દ્રિયોનો વિષય (આલંબનો) નથી હોતો ત્યારે આ જ મનોવિજ્ઞાનધાતુ મનોદ્વારાવજ્જનનું (કેવળ માનસિક આલંબનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફ વળવું) કૃત્ય કરે છે. આથી અભિધમ્મત્થસંગહમાં તેનો ઉલ્લેખ વોટ્ઠપન અને મનોદ્વારાવજ્જન આ બે નામોથી કરવામાં આવ્યો છે. આ (૭૨ મું) ઉપેક્ષાસહગત હોય છે.

બીજી (૭૧) સૌમનસ્યસહગત કેવળ અરહન્તોને જ હોય છે એમ અટ્ઠકથાઓનું કહેવું છે. જ્યારે અરહન્ત કોઈ સ્થળ તરફ નજર કરીને તે જ સ્થળે હું આવા આવા ગાંડપણથી વર્ત્યો વગેરે વિચારો આવવાથી સ્મિત કરે છે ત્યારે આ ચિત્ત ઉત્પન્ન થાય છે.[1]

સહેતુક ક્રિયા

ત્યાર પછી સત્તર (નં. ૭૩–૮૯) સહેતુકક્રિયાચિત્ત આવે છે. તે બધાં નં. ૧–૧૭ મુજબ છે. પ્રથમનાં કુશલ એટલા માટે કે તેનું ફળ (વિપાક) મળે છે, અને આ અરહન્તનાં કર્મો હોવાથી વિપાક-રહિત હોય છે. અરહા બીજાની માફક જ દાન વગેરે કામાવચર કુશલકર્મોનું આચરણ કરે છે, રૂપાવચર અને અરૂપાવચર ધ્યાન કરે છે, પરંતુ તેની વાસનાઓનો ક્ષય થયેલો હોવાથી તેનો કોઇ પણ લોકમાં જન્મ ન થતાં તે નિર્વાણ પામે છે. આ લોકમાં તેનાં કર્મો ક્રિયામાત્ર જ હોય છે. તે ક્રિયારૂપે અકુશલ કર્મો કેમ આચરતો નથી ? કારણ કે અકુશલનો પૂર્ણ ઉચ્છેદ કરીને જ તે અરહા બનેલો હોય છે. જેનો ત્યાગ કર્યો, જેનું વમન કર્યું તે જ કૃત્યો તે ફરી વાર કેમ આચરી શકે ?

૮૯ ચિત્તની આ પ્રમાણે ટૂંકી રૂપરેખા છે. આમાંનાં પહેલાં ૨૧ ચિત્ત 'कुसला धम्मा'ના વિભાગમાં આવે છે; નં. ૨૨–૩૩ સુધીનાં બાર ચિત્ત 'अकुसला धम्मा' વિભાગમાં આવે છે, અને બાકીનાં ૫૬ ચિત્ત 'अब्याकता धम्मा'ના વિભાગમાં આવે છે. તેમના વળી પાછા બે ભેદ છેઃ વિપાકાવ્યાકત અને ક્રિયાવ્યાકત.

---

૧ અહીં ભર્તૃહરિનો નીચેનો શ્લોક યાદ આવે છેઃ—

ये वर्धन्ते धनपतिपुरःप्रार्थनादुःखभाजो
ये चाल्पत्वं दधति विषयाक्षेपपर्यस्तबुद्धेः ।
तेषामन्तःस्फुरितहसितं वासराणां स्मरेयं
ध्यानच्छेदे शिखरिकुहरग्रावशय्यानिषण्णः ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નં. ૩૪–૬૯ સુધીનાં ચિત્ત વિપાકાવ્યાક્ત અને નં. ૭૦–૮૯ સુધીનાં ૨૦ ચિત્ત ક્રિયાવ્યાક્ત ગણાય છે.

અવ્યાક્ત એટલે કુશળ અને અકુશળ. એ શબ્દોથી જે વ્યાકૃત નથી [જેનું વર્ણન કરવામાં નથી આવ્યું] તે ધર્મ. ધમ્મસંગણિકારે અવ્યાક્ત ઉપરનાં ૫૬ ચિત્તોનો, બધાં રૂપસ્કન્ધોનો અને નિર્વાણનો સમાવેશ કર્યો છે. અવ્યાકતોની ટૂંકી વ્યાખ્યા રૂપકંડના નિક્ખેપ-કંડના અને અત્થુદ્ધારકંડના શરૂઆતના ત્રિકમાં આપેલી છે; જેમાંના અત્થુદ્ધારકંડના ત્રિકમાં નીચે મુજબ હકીકત આવે છેઃ—

"कतमे धम्मा अव्याकता ? चतूसु भूमिसु विपाको, तीसु भूमिसु किरियाव्याकतं, रूपञ्च निब्बानञ्च, इमे धम्मा अव्याकता।"

આમાં પટ્ઠાને વિશેષ એક ધર્મનો એટલે કે પઞ્ઞત્તિને (प्रज्ञप्ति) ઉમેરો કર્યો છે. રહેવાનું સ્થળ (सेनासनं), જેના સહવાસમાં રહીએ છીએ તે વ્યક્તિ (पुग्गल). કસિણ નિમિત્તાદિક વગેરેને વિજ્ઞપ્તિ કહે છે. આ વસ્તુઓ પરમાર્થતઃ નથી. ધમ્મારમ્મણમાં તેનો સમાવેશ થાય છે ખરો, છતાં પણ તે પ્રજ્ઞપ્તિમાત્રજ છે. ચિત્ત, ચેતસિક, રૂપ અને નિર્વાણ આ પરમાર્થ ધર્મમાં તેમનો સમાવેશ થતો નથી. તેમ છતાં મન ઉપર તેની સારી કે માઠી અસર થાય છે જ. તેથી પટ્ઠાનમાં તેને 'अव्याकता धम्मा' એ મથાળા નીચે સ્થાન આપવામાં આવ્યું છે.

ઉપર વર્ણવેલાં ૮૯ ચિત્તોના કોઇ કોઇ વાર ૧૨૧ ભેદ કરવામાં આવે છે. લોકોત્તર ચાર માર્ગ ચિત્ત અને ચાર ફલ ચિત્ત કોઇને કોઇ ધ્યાન વડે યુક્ત હોવાં જોઇએ. કોઈ વ્યક્તિ પ્રથમ ધ્યાનયુક્ત સ્રોતાપત્તિ માર્ગ પ્રાપ્ત કરે છે, તો વળી બીજા કોઇને એ જ માર્ગ દ્વિતીય ધ્યાનયુક્ત મળવો શક્ય છે. આ રીતે દરેક માર્ગના અને ફલના પાંચ પાંચ ભેદ પડવાથી આઠને બદલે એ ચિત્તને ૪૦ ગણવામાં આવે છે અને ૮૯ ચિત્તમાં ૩૨ નો ઉમેરો થવાથી બધાં મળીને ૧૨૧ થાય છે.

આ બધા ચિત્તમાં કુલ ૫૨ ચેતસિક છે. તેનું અને રૂપ-સ્કન્ધના વિભાગીકરણનું દિગ્દર્શન પછીના વ્યાખ્યાનમાં કરીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. અભિધર્મની રૂપરેખા (ચાલુ)

ચિત્ત એટલે વિજ્ઞાનસ્કંધ. એ એકલો હોઈ શકતો નથી. જેમ ગાડી આવે છે એમ કહેતાં ગાડીનું એંજિન આવે છે, ડબ્બા આવે છે અને એમાં બેઠેલા લોકો પણ આવે છે એવો અર્થ થાય છે; તેમ જ 'चित्तं उप्पन्नं होति' એટલે વિજ્ઞાન, વેદના, સઞ્ઞા અને સંસ્કાર સ્કંધ પેદા થાય છે એવો અર્થ સમજવો. તેથીજ કહ્યું છે કે 'तस्मि समये फस्सो होति, वेदना होति, सञ्ञा होति, चेतना होति' ઇત્યાદિ. વિજ્ઞાનને ચિત્ત, અને વેદના, સંજ્ઞા અને સંસ્કાર એ ત્રણ સ્કંધોને ચેતસિક કહે છે. પહેલાજ ચિત્તમાં ૫૫ ચેતસિક આપેલા છે અને છેવટે 'ये वा पन' વાક્ય છે તેની નીચે અટ્ઠકથાઓ તેમાં બીજા નવ ચેતસિકોનો ઉમેરો કર્યો છે. પરંતુ મૂળ ગ્રન્થના ચેતસિકોમાં પુનરુક્તિ સારી પેઠે છે. માનસિક ઇન્દ્રિયોમાં તે શ્રદ્ધાદિ પાંચ ચેતસિકો ગણાવવામાં આવે છે, તે એવા ને એવા જ માનસિક બલોમાં ગણવામાં આવે છે.

રૂપમાં આપેલા તથા અટ્ઠકથાકારોએ ઉમેરેલા ચેતસિકોમાંથી આવી પુનરૂક્તિ બાદ કરીએ તો ચેતસિકોની કુલ સંખ્યા ૫૨ થાય. તેમનો વિભાગ નીચે મુજબ છે:

સ્વર્શ, વેદના, સંજ્ઞા, ચેતના, એકાગ્રતા, જીવિતેન્દ્રિય અને મનસિકાર એ સાત ચેતસિકો સર્વચિત્તસાધારણ છે; એટલે કે બધાં ૮૯ ચિત્તોમાં તે મળે છે. એમાંથી વેદના તે વેદનાસ્કંધ અને સંજ્ઞા તે સંજ્ઞાસ્કંધ. બાકીના ચેતસિકો સંસ્કારસ્કન્ધ છે.

વિતર્ક, વિચાર, અધિમોક્ષ [વિશ્વાસ], વીર્ય [ઉત્સાહ], પ્રીતિ અને છંદ એ છ ચેતસિકો અથવા સંસ્કાર કુશલ, અકુશલ અને અવ્યાકૃત ચિત્તોમાં યથાસંભવ મળી આવે છે. દાખલા તરીકે વિતર્ક બધાં અકુશલ ચિત્તોમાં હોય છે, પણ દ્વિતીય ધ્યાનાદિક ચિત્તમાં નથી હોતો. વિચાર તૃતીય ધ્યાનાદિક ચિત્તમાં નથી હોતો. પ્રીતિ ઉપેક્ષાસહગત ચિત્તમાં—પછી તે કુશલ, અકુશલ, કે અવ્યાકૃત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હો–નથી હોતી; તેમ જ એ કાયવિજ્ઞાન ચિત્તોમાં તથા એ પ્રતિઘ ચિત્તોમાં તે નથી હોતી. વીર્ય આઠ અહેતુક કુશલવિપાક ચિત્તોમાં (નં. ૩૪–૪૧), સાત અકુશલવિપાક ચિત્તોમાં (નં. ૬૩–૬૯) તથા ક્રિયામનોધાતુ ચિત્તમાં, એમ સોળ ચિત્તોમાં નથી હોતું. છન્દ આ સોળ ચિત્તોમાં, બે અહેતુક ક્રિયામનોધાતુ ચિત્તોમાં (નં. ૭૧–૭૨) તથા બે મોમૂહચિત્તોમાં (નં. ૩૨–૩૩)માં નથી હોતો.

શ્રદ્ધા, સ્મૃતિ, હ્રી (આત્મલજ્જા), અવત્રપા (પરાપવાદ-ભય), અલોભ, અદ્વેષ, તત્રમધ્યસ્થતા, કાયપ્રશ્રબ્ધિ, ચિત્તપ્રશ્રબ્ધિ, કાયલઘુતા, ચિત્તલઘુતા, ચિત્તમૃદુતા, કાર્યકર્મણ્યતા, ચિત્તકર્મણ્યતા, કાયપ્રાગુણ્યતા, ચિત્તપ્રાગુણ્યતા, કાયસરલતા, ચિત્તસરલતા, એ ચેતસિકો સહેતુક કુશલ અને સહેતુક અવ્યાકૃત ચિત્તોમાં સર્વ-સાધારણપણે હોય છે.

આમાંનાં કાય એટલે વેદના, સંજ્ઞા અને સંસ્કાર એ ત્રણને અરૂપસ્કન્ધ જાણવા. આ ‘ કાય ’ શબ્દનો શરીર સાથે કશો સંબંધ નથી. ચિત્ત એટલે વિજ્ઞાનસ્કંધ. પ્રશ્રબ્ધિ એટલે સત્કર્મને પરિણામે પેદા થનારી શાન્તિ. જેને લીધે જડતા દૂર થાય છે તે મૃદુતા અને જેને લીધે અકર્મણ્યભાવ (કામ ન કરવાની વૃત્તિ) દૂર થાય છે તે કર્મણ્યતા. પ્રાગુણ્યતા એટલે ઉત્કર્ષનો સાધક ગુણ.

સમ્યક્ વાચા, સમ્યક્ કર્મ અને સમ્યક્ આજીવ, એ ત્રણને વિરતિ કહે છે. એ ત્રણ તથા કરુણા, મુદિતા અને પ્રજ્ઞા મળીને ૭ ચેતસિકો ઉપર કહેલાં સહેતુકકુશલ અને સહેતુકઅવ્યાકૃત ચિત્તોમાં યથાસંભવ હોય છે (કેટલાકમાં નથી પણ હોતી. એમાંથી પ્રજ્ઞા જ્ઞાનવિપ્રયુક્ત ચિત્તમાં નથી હોતી; બાકીનાં કામાવચર ચિત્તોમાં તથા બધા રૂપાવચર, અરૂપાવચર અને લોકોત્તર ચિત્તોમાં તે હોય છે. ઉપર કહેલી ત્રણ વિરતિઓ આઠ લોકોત્તર ચિત્તોમાં એકત્ર મળી આવે છે. તે વિરતિઓ રૂપાવચર, અરૂપાવચર, કામાવચર સહેતુકવિપાક તથા ક્રિયાચિત્તોમાં નથી હોતી; તે ત્રણ વિરતિઓ માત્ર કામાવચર કુશલ ચિત્તોમાં હોય છે. પરંતુ કોઈ પણ ચિત્તમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકી વખતે એક જ હોય છે. એટલે તે આ ચિત્તોમાં બધી એકત્ર હોતી નથી.

કરુણા અને મુદિતા લોકોત્તર ચિત્તમાં તેમ જ પંચમધ્યાન ચિત્તમાં, અરૂપાવચર ચિત્તમાં તથા સહેતુકકામાવચર વિપાકચિત્તમાં નથી હોતી; ચોથા ધ્યાનચિત્તમાં તથા સહેતુકકામાવચરકુશલ અને ક્રિયાચિત્તોમાં એમાંથી એક એક મળી આવે છે; એટલે જ્યાં કરુણા હોય ત્યાં મુદિતા નથી હોતી; અને જ્યાં મુદિતા હોય ત્યાં કરુણા નથી હોતી. ચાર બ્રહ્મવિહારોમાંથી અહીં બે જ લીધા છે. કારણ મૈત્રી એટલે અદ્વેષનો વિકાસ અને ઉપેક્ષા એટલે તત્રમધ્યસ્થતાનો જ વિકાસ છે. આ બન્ને ચેતસિકો બધાં સહેતુકકુશલ અને સહેતુક અવ્યાકૃત ચિત્તોમાં હોય જ છે, અને કોઈ ચિત્તોમાં એમનો મૈત્રી-રૂપે અને ઉપેક્ષારૂપે વિકાસ થાય તો તે વસ્તુતઃ અદ્વેષ અને તત્ર-મધ્યસ્થતા જ હોઈ તેમને જુદાં ચેતસિક કહી શકાય નહિ. એ મત ચર્ચાસ્પદ છે, પણ એ વાદમાં પડવાની આપણને જરૂર નથી.

અકુશલ ચેતસિકો

મોહ, અહ્રી, અનવત્રપા, ઔદ્ધત્ય, લોભ, દૃષ્ટિ, માન, દ્વેષ, ઈર્ષ્યા, માત્સર્ય, કૌકૃત્ય, સ્ત્યાન, મિદ્ધ, અને વિચિકિત્સા, એ ૧૪ ચેતસિકો અકુશલ ચિત્તોમાં યથાસંભવ મળી આવે છે.

અહ્રી (अहिरिकं) એટલે આત્મસંમાન છોડીને પાપ તરફ વળવું તે. અનવત્રપા (અનોત્તપ્પં) એટલે પરાપવાદની પરવા ન કરવી તે. ઔદ્ધત્ય એટલે ભ્રાન્તચિત્તતા. કૌકૃત્ય (કુક્કુચ્ચ) એટલે કોઇ પણ વસ્તુ કર્યા બદલ કે મનમાં રહી જતો ખટકો. સ્ત્યાન અને મિદ્ધ એ આળસના જ બે પ્રકાર છે. અને વિચિકિત્સા એટલે કુશંકા.

આમાંનાં પ્રથમ ચાર બધાં અકુશલ ચિત્તોમાં હોય છે. લોભ આઠ લોભસહગત ચિત્તોમાં હોય છે. દૃષ્ટિ ચાર દૃષ્ટિસંપ્રયુક્ત ચિત્તોમાં હોય છે. માન ક્યારેક ક્યારેક ચાર દૃષ્ટિપ્રયુક્ત ચિત્તોમાં દેખા દે છે. પ્રતિઘચિત્તમાં દ્વેષ હોય જ છે; અને કયારેક કયારેક ઈર્ષ્યા, માત્સર્ય, અને કૌકૃત્ય એ ત્રણમાંનો એકાદ ચેતસિક મળી આવે છે. સ્ત્યાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સિદ્ધ એ બે ક્યારેક ક્યારેક અસંસ્કારિક અકુશલ ચિત્તમાં દેખાય છે.

ચેતસિકાનું આટલું વિવેચન પૂરતું છે. હવે રૂપસ્કંધોના વિભાગો તરફ વળું છું.

રૂપવિભાગ

દિવાદિગણુમાંના रुप् ધાતુમાંથી આ શબ્દ સિદ્ધ થયેલો છે. (रुप् विमोहने, रुप्यति ४०). એનો અર્થ પામનારું એવો થાય છે. એમાં બધા જડ પદાર્થોનો સમાવેશ થાય છે. બીજો રૂપ શબ્દ ચુરાદિગણુના रूप् ધાતુમાંથી સિદ્ધ થાય છે. (रूप् रूपक्रियायाम् । रूपस्य दर्शनं करणं वा रूपक्रिया ।) આનો અર્થ ચતુર્વિજ્ઞાનગ્રાહ્ય રૂપ. પાલિ ભાષામાં આ બે શબ્દોનાં રૂપો સરખાં જ છે, પણ અર્થ માત્ર ભિન્ન છે. પહેલાને રૂપસ્કંધ અને બીજાને રૂપાયતન અથવા તો રૂપધાતુ એમ પણ કહે છે. જ્યારે માત્ર રૂપ શબ્દ જ વપરાયેલો હોય છે ત્યારે આગળ પાછળના સંબંધ ઉપરથી તેનો અર્થ ઘટાવવો પડે છે. અહીં રૂપવિભાગ એટલે રૂપસ્કન્ધના વિભાગ એવો અર્થ વિવક્ષિત છે એમ જાણવું.

પૃથ્વી ધાતુ, અબ્ધાતુ (આપોધાતુ), તેજોધાતુ અને વાયુ-ધાતુ એ ચારને ભૂતરૂપો કહે છે. બીજાં રૂપો આ ચારમાંથી જ પેદા થાય છે.

ચક્ષુ, શ્રોત્ર, ઘ્રાણ, જિહ્વા તથા કાય એ પાંચને પ્રસાદરૂપ કહે છે.

રૂપ, શબ્દ, ગંધ, રસ અને પૃથ્વી, અપ્ તથા તેજ એ ત્રણ મહાભૂતોમાં રહેલો સ્પર્શ (ફોટ્ઠબ્બં) એ બધાને ગોચરરૂપો કહે છે.

સ્ત્રીત્વ તથા પુરુષત્વને ભાવરૂપ, હૃદયવસ્તુને હૃદયરૂપ, જીવિતે-ન્દ્રિયને જીવિતરૂપ, અને અન્નને આહારરૂપ કહે છે. પૃથ્વીથી માંડીને આહાર સુધીનાં અઢાર પ્રકારનાં આ રૂપોને સ્વભાવરૂપ, સલક્ષણરૂપ, નિષ્પન્નરૂપ, રૂપરૂપ અને સંમર્શનરૂપ એમ પણ કહે છે.

આકાશધાતુને પરિચ્છેદરૂપ; કાયવિજ્ઞપ્તિ; રૂપની લઘુતા મૃદુતા અને કર્મણ્યતા એ બધાને વિકારરૂપ કહે છે. ઉપરની બે વિજ્ઞપ્તિઓની પણ ક્યારેક ક્યારેક વિકારરૂપોમાં ગણના કરવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપના ઉપચય, સંતતિ, જરતા અને અનિરૂપતાને લક્ષણરૂપ કહે છે. ઉપચય અને સંતતિ એટલે રૂપની ઉત્પત્તિ, જરતા એટલે સ્થિતિ અને અનિત્યતા એટલે ભંગ. ઉત્પાદ, સ્થિતિ અને ભંગ એ બધા પદાર્થોનાં સામાન્ય લક્ષણો છે, સર્વસાધારણ લક્ષણો છે.

આવી રીતે રૂપસ્કન્ધના ૨૮ ભેદ થાય છે. વળી બીજી રીતે એકવિધ, દ્વિવિધ અને ત્રિવિધ ઇત્યાદિ રૂપના ભેદ કે પ્રકાર ગણાવવામાં આવે છે. એ બધાં રૂપો અહેતુક જ છે એટલે એમાં લોભ, દ્વેષ, મોહ અથવા અલોભ, અદ્વેષ, અમોહ એમાંનો એક હેતુ હોતો નથી. એ સપ્રત્યય જ હોય છે; એટલે કે કોઇને કોઈ કારણને લીધે જ તે પેદા થાય છે. એ સાશ્રવ એટલે કે આશ્રવોનું કારણીભૂત થનારું હોય છે; એ સંસ્કૃત ચાર મહાભૂતોના સંયોગથી બને છે, એ લૌકિય જ એટલે લોકોત્તર નથી; અને એ અપ્રહાતવ્ય એટલે તપશ્ચર્યા વડે નાશ પામનારું નથી, એવી રીતે આખું સર્વ રૂપ એકવિધ બને છે. પછી શરીરમાંનું, શરીર બહારનું વગેરે ભેદ પાડીને દ્વિવિધતા દર્શાવવામાં આવી છે. આવી પદ્ધતિથી ધમ્મસંગણિમાં એકાદશવિધતા સુધી આ અઠ્ઠાવીસ રૂપોના વિભાગ કે પ્રકાર દર્શાવવામાં આવ્યા છે.

બીજું ત્રિક

આવી રીતે 'कुसला धम्मा, अकुसला धम्मा, अब्याकता धम्मा' એ ત્રિકનું વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરીને નિક્ષેપકાંડમાં ફરી બધા લોકોનો તથા દ્વિકોનો સંક્ષેપમાં સર્વ અર્થ આપ્યો છે. પહેલું ત્રિક જો એક વાર બરાબર સમજાઇ જાય તો બાકીનાં ત્રિકોનો અર્થ કરવાનું કામ તેટલું કઠણ હોતું નથી. દાખલા તરીકે, '**सुखाय वेदनाय सम्पयुत्ता धम्मा, दुक्खाय वेदनाय सम्पयुत्ता धम्मा, अदुक्खमसुखाय वेदनाय सम्पयुत्ता धम्मा**' આ બીજું ત્રિક લઇએ. આમાં અદુ:ખમસુખવેદના એટલે ઉપેક્ષાવેદના. સુખવેદનાના સુખ અને સૌમનસ્ય તથા દુ:ખવેદનાના દુ:ખ અને દૌર્મનસ્ય એમ પેટાભેદ છે. આમાંથી સુખવેદના કેવલ કુશલવિપાક કાયવિજ્ઞાનચિત્તમાં (નં. ૩૮) અને દુ:ખવેદના અકુશલવિપાક કાયવિજ્ઞાનચિત્તમાં હોય છે, ચિત્તના કુલ ૧૨૧ વિભાગ ગણીએ તો, ૬૨ ચિત્તોમાં સૌમનસ્ય, બે પ્રતિઘ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્તોમાં દૌર્મનસ્ય તથા બાકીનાં ૫૫ ચિત્તોમાં ઉપેક્ષાવેદના હોય છે. આ ત્રિકમાં રૂપનો સમાવેશ અલબત થતો નથી.

અહીં સુધી ધમ્મસંગણિનું દિગ્દર્શન થયું. હવે બીજાં પ્રકરણો તરફ વળું છું.

વિભઙ્ગ

વિભઙ્ગ પ્રકરણના ૧૮ વિભાગ છે તે આ પ્રમાણે: ૧ ખન્ધ વિભઙ્ગ, ૨. આયતન વિભઙ્ગ, ૩. ધાતુવિભઙ્ગ, ૪. સચ્ચવિભઙ્ગ, ૫. ઇન્દ્રિયવિભઙ્ગ, ૬, પચ્ચયાકાર વિભઙ્ગ, ૭. સતિપટ્ઠાન વિભઙ્ગ, ૮. સમ્મપ્પધાન–, ૯. ઇદ્ધિપાદ–, ૧૦. બોજ્ઝઙ્ગ–, ૧૧. મગ્ગ–, ૧૨. ઝાન–, ૧૩. અપ્પમઞ્ઞા–, ૧૪. સિક્ખાપદ–, ૧૫. પટિસંભિદા–, ૧૬. ઞાણ–, ૧૭. ખુદ્દકવત્થુ–, અને ૧૮. ધમ્મહદય વિભઙ્ગ.

આમાંના ઇન્દ્રિયવિભઙ્ગ અને સિક્ખાપદ વિભઙ્ગ એ એના અભિધમ્મભાજનીયં અને પઞ્હાપુચ્છકં એમ બે પેટા વિભાગો છે. પચ્ચયાકાર વિભઙ્ગના સુત્તન્તભાજનીયં અને અભિધમ્મભાજનીયં એમ બે પેટા વિભાગ છે. એમાં અભિધમ્મભાજનીયની એક સ્વતંત્ર માતિકા (અનુક્રમણિકા) છે. અને તેમાં આનો સારી પેઠે વિસ્તાર કરેલો છે. તે પછીના ખન્ધવિભઙ્ગથી માંડીને પટિસંભિદા વિભઙ્ગ સુધીના બાર વિભઙ્ગોના સુત્તન્તભાજનીયં, અભિધમ્મભાજનીયં, પઞ્હાપુચ્છકં એમ ત્રણ પેટા વિભાગ છે. ઞાણવિભઙ્ગ એ એની સ્વતંત્ર માતિકાઓ છે; અને ધમ્મહદયવિભઙ્ગના સબ્બસઙ્ગહિકવાર ઇત્યાદિ ૧૦ વાર અથવા તો વિભાગો છે.

રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર તથા વિજ્ઞાન એમ પાંચ સ્કન્ધો છે. એમની પ્રથમ સૂત્રપદ્ધતિએ ટીકા, તે પછી અભિધર્મપદ્ધતિએ ટીકા અને છેવટે **पञ्चन्न खन्धानं कति कुसला, कति अकुसला, कति अब्याकता'** ઇત્યાદિ પઞ્હાપુચ્છકં (પ્રશ્ન પૂછવાનું) આવે છે. બીજા વિભઙ્ગોમાં પણ આવી જ પદ્ધતિ અખત્યાર કરવામાં આવેલી છે.

સ્કન્ધ, આયતન અને ધાતુનો અર્થ પહેલા વ્યાખ્યાનમાં કહેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જં છે. તે જ પ્રમાણે ચાર આર્યસત્યોની વાત પણ આપણે કરી ગયા છીએ.

ઇન્દ્રિયવિભઙ્ગમાં ચક્ખુ, સ્રોત, ઘાન, જિવ્હા, કાય, ઇત્થિન્દ્રિય, પુરિસિન્દ્રિય, જીવિત, મન, સુખ, દુક્ખ, સોમનસ્સ, દોમનસ્સ, ઉપેક્ખા, સદ્ધા, વિરિય, સતિ (સ્મૃતિ), સમાધિ, પઞ્ઞા (પ્રજ્ઞા), અનઞ્ઞાતઞ્ઞસ્સામીતિન્દ્રિય, અઞ્ઞિન્દ્રિય, અઞ્ઞાતાવિન્દ્રિય એમ ૨૨ ઇન્દ્રિયોનો વિગતવાર વિચાર કરેલો છે. જેમાં કોઇપણ જાતનું સામર્થ્ય હોય તે ઇન્દ્રિય. આ જ અર્થમાં આ બધી ઇન્દ્રિયો છે. મેં જે જાણ્યું નથી તે જાણીશ એવું સામર્થ્ય એ જ અનઞ્ઞાતઞ્ઞાસામીતિન્દ્રિય છે. એ કેવળ સ્રોતાપન્નને જ પ્રાપ્ત થાય છે. હું જાણું છું એ સામર્થ્ય એ જ અઞ્ઞિન્દ્રિય જાણવું. એ સ્રોતાપત્તિફલસ્થથી માંડીને અર્હન્માર્ગસ્થ સુધીના છ પુદ્ગલોને પ્રાપ્ત થાય છે. મેં જાણ્યું એવું જે જ્ઞાનસામર્થ્ય તે જ અઞ્ઞાતાવિન્દ્રિય. તે અર્હત્ફલસ્થને જ પ્રાપ્ત થાય છે. બાકીની ઇન્દ્રિયોનો અર્થ સ્પષ્ટ જ છે. પહેલી સાત ઇન્દ્રિયોની રૂપસ્કન્ધમાં ગણના થાય છે. જીવિતેન્દ્રિયના બે પ્રકાર યા ભેદ છે : રૂપજીવિતેન્દ્રિય અને અરૂપજીવિતેન્દ્રિય. એમાંના પહેલા ભેદની રૂપસ્કન્ધમાં અને બીજાની સંસ્કારસ્કંધમાં ગણના થાય છે. મનિન્દ્રિય એટલે જ વિજ્ઞાનસ્કન્ધ; તે પછીની પાંચ ઇન્દ્રિયો વેદનાસ્કન્ધ અને બાકીની ઇન્દ્રિયો સંસ્કારસ્કંધ છે. છેવટની ચાર ઇન્દ્રિયો એ તો પ્રજ્ઞાના જ ચાર પ્રકારો–ભેદ છે.

અવિદ્યામાંથી સંસ્કાર, સંસ્કારમાંથી વિજ્ઞાન, વિજ્ઞાનમાંથી નામરૂપ, નામરૂપમાંથી ષડાયતન, ષડાયતનમાંથી સ્પર્શ, સ્પર્શમાંથી વેદના, વેદનામાંથી તૃષ્ણા, તૃષ્ણામાંથી ઉપાદાન, ઉપાદાનમાંથી ભવ, ભવમાંથી જાતિ (જન્મ), જાતિમાંથી જરામરણ શોક પરિદેવ દુઃખ દૌર્મનસ્ય ઉપાયાસ ઉત્પન્ન થાય છે. એવી રીતે આ દુઃખ–સ્કન્ધનો સમુદય થાય છે. આને પ્રતીત્યસમુત્પાદ (પટિચ્ચસમુપ્પાદ) અથવા પચ્ચયાકાર કહે છે. એનો જ વિચાર પચ્ચયાકાર વિભઙ્ગમાં કરેલો છે.

કાયે કાયાનુપસ્સના (શરીરનું યથાર્થરૂપે એટલે કે તે જેવું છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનું અવલોકન), વેદનાસુ વેદનાનુપસ્સના (વેદનાઓનું યથાર્થ અવલોકન), ચિત્તે ચિત્તાનુપસ્સના (ચિત્તનું યથાર્થતયા અવલોકન), અને ધમ્મેસુ ધમ્માનુપસ્સના (આયતનાદિનું યથાર્થતયા અવલોકન) એ ચારને સતિપટ્ઠાનો (સ્મૃત્યુપસ્થાનો) કહે છે, એનું જ વર્ણન સતિપટ્ઠાન વિભઙ્ગમાં કરેલું છે.

તે પછી સમ્મપ્પધાન વિભઙ્ગ આવે છે. તેમાં ઉત્પન્ન ન થયેલા અકુશલ વિચારોને ઉત્પન્ન ન થવા દેવાનો પ્રયત્ન, ઉત્પન્ન થયેલા અકુશલ વિચારોનો નાશ કરવાનો પ્રયત્ન, ઉત્પન્ન ન થયેલા કુશલવિચારોને મનમાં આણવાનો પ્રયત્ન અને ઉત્પન્ન થયેલા કુશલ વિચારોની અભિવૃદ્ધિ કરવાનો પ્રયત્ન, એ ચાર સમ્મપ્પધાનોનો (સમ્યક્ પ્રધાન – સારો વ્યાયામ અથવા પ્રયત્ન – નો) સમાવેશ થાય છે.

છન્દ, વીર્ય, ચિત્ત અને મીમાંસા (વીમંસા) એ ચાર ઇદ્ધિપાદ છે. કોઇ પણ કાર્યમાં યશ મેળવવો, તેને ઈદ્ધિ (ઋદ્ધિ) કહે છે. તે ઋદ્ધિના આ પાદ છે તેથી તેને ઋદ્ધિપાદ કહે છે. કોઇ માણસ છન્દને (ક્રિયાસાતત્યને) જોરે કોઈ વીર્યથી (ઉત્સાહને લીધે) કોઇ તેમાં જ ચિત્ત પરોવીને, તો કોઇ મીમાંસાથી (સારી રીતે પૃથક્કરણ કરીને) સિદ્ધિ પ્રાપ્ત કરે છે. આ ચારનો જ વિચાર ઇદ્ધિપાદવિભઙ્ગમાં કરવામાં આવ્યો છે.

સ્મૃતિ, ધર્મપ્રવિચય, (પદાર્થનું પ્રજ્ઞાપૂર્વક ચિંતન), વીર્ય (ઉત્સાહ), પ્રીતિ, પ્રશ્રબ્ધિ, સમાધિ તથા ઉપેક્ષા એ સાત બોજ્ઝંગો છે. બોધિ એટલે સંબોધજ્ઞાન; એ જ્ઞાનનાં આ અંગો છે. એમનો વિચાર બોજ્ઝંગ–વિભંગમાં કરેલો છે.

સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વાચા, સમ્યક્ કર્માન્ત, સમ્યક્ આજીવ, સમ્યક્ વ્યાયામ, સમ્યક્ સ્મૃતિ, તથા સમ્યક્ સમાધિ એ અષ્ટાંગિક માર્ગનાં આઠ અંગોનો જેમાં વિચાર કરવામાં આવ્યો છે તેને મગ્ગવિભંગ કહે છે.

ઝાનવિભઙ્ગમાં સુત્તપિટકમાંનાં ચાર ધ્યાનો લીધેલાં છે; ધમ્મસઙ્ગણિમાં આવેલો પઞ્ચક ધ્યાનનય લીધેલો નથી. એ ઉપરાંત આકાશાનંત્યાયતનાદિક ચાર અરૂપાવચર આયતનોનો પણ એમાં વિચાર કરેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એ ચારને અપ્પમઞ્ઞા (અપ્રમાણા) કહે છે. આ મારું અને આ પારકું એવી મર્યાદા જે ભાવનામાં રહેતી નથી, બધાને વિશે સરખો જ ભાવ કે લાગણી પેદા થાય છે, તેના વિભઙ્ગને અપ્પમઞ્ઞાવિભંગ કહે છે.

પ્રાણઘાતથી વિરતિ, અદત્તાદાનથી વિરતિ, કામમિથ્યાચારથી (વ્યભિચારથી) વિરતિ, મૃષાવાદથી (અસત્યથી) વિરતિ, અને મદ્યાદિ માદક પદાર્થોથી વિરતિ—આ પાંચ સિક્ખાપદો (શિક્ષાનિયમ) છે. તેમનું જેમાં વર્ણન છે તે સિક્ખાપદવિભઙ્ગ છે.

અત્થપટિસમ્ભિદા, ધમ્મપટિસમ્ભિદા, નિરુત્તિપટિસમ્ભિદા, અને પટિભાનપટિસમ્ભિદા એ ચાર પટિસમ્ભિદાઓ (પ્રતિસંવિદા) છે. પદાર્થોના જ્ઞાનને અર્થપ્રતિસંવિદા કહે છે. એમનાં કારણોનું જ્ઞાન તે ધર્મપ્રતિસંવિદા કહેવાય છે. ભાષાજ્ઞાન નિરુક્તિપ્રતિસંવિદાને નામે ઓળખાય છે. જ્ઞાનનું જ્ઞાન તે પ્રતિભાનપ્રતિસંવિદા છે. આ ચારેયનો પટિસંભિદાવિભઙ્ગમાં વિચાર કરેલો છે.

ઞાણવિભઙ્ગમાં, एकविधेन ञाणवत्थु એટલે કે એક જ પ્રકારના ચક્ષુર્વિજ્ઞાનાદિ પાંચ વિજ્ઞાનોનો વિચાર, दुविधेन ञाणवत्थु એટલે લૌકિક પ્રજ્ઞા અલૌકિક પ્રજ્ઞા ઇત્યાદિ બે પ્રકારે પ્રજ્ઞાનો વિચાર, એમ 'दसविधेन ञाणवत्थु' એ વિભાગ પર્યંત જ્ઞાનના જુદા જુદા વિભાગો દર્શાવેલા છે.

ખુદ્દક એટલે નાનો અથવા નજીવો (તુચ્છ). ખુદ્દકવત્થુ એ મથાળા નીચે કેવળ અકુશલ ધર્મ જ આપવામાં આવેલા છે. તેથી અહીં ખુદ્દક શબ્દનો અર્થ તુચ્છ અથવા ત્યાજ્ય એવો લેવો ઘટે. જે વિભાગમાં આવી વસ્તુઓનો સંગ્રહ છે તેનું જ નામ ખુદ્દકવત્થુ-વિભંગ. એમાં જાતિમદ ઇત્યાદિ એકવિધ, ક્રોધ, ઉપનાદ (વેર લેવાની બુદ્ધિ) ઇત્યાદિ દ્વિવિધ,—એમ અકુશલ ધર્મોનો જ આમાં સંગ્રહ છે.

ધમ્મહદય (ધર્મહૃદય) વિભઙ્ગનો આરંભ આવી રીતે થાય છે—

कति खन्धा ? कति आयतनानि ? कति धातुयो ? कति सच्चानि ? कति इन्द्रियानि ? कति हेतू ? कति आहारा ? कति फस्सा ? कति वेदना ? कति सञ्ञा ? कति चेतना ? कति चित्तानि ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પછી આ બધા પ્રશ્નોના ટૂંકામાં જવાબ આપેલા છે. પાંચ સ્કન્ધ, બાર આયતનો, અઢાર ધાતુ, ચાર સત્યો, તથા બાવીસ ઇન્દ્રિયોનું વર્ણન અગાઉ કરેલું જ છે. હેતુ નવ છે : ત્રણ કુશલ હેતુ, ત્રણ અકુશલ હેતુ અને ત્રણ અવ્યાકૃત હેતુ. અન્ન, સ્પર્શ, મનોસંચેતના અને વિજ્ઞાન એ ચાર આહાર છે. ચક્ષુઃસંસ્પર્શ, શ્રોત્ર-, ઘ્રાણ-, જિહ્વા-, કાય-, મનોધાતુ-, અને મનોવિજ્ઞાનધાતુસંસ્પર્શ એમ સ્પર્શોની સંખ્યા સાત છે. એવી જ રીતે ચક્ષુઃસંસ્પર્શજા વેદના ઇત્યાદિ વેદના સાત છે; સંજ્ઞા સાત છે; અને ચક્ષુર્વિજ્ઞાન ઇત્યાદિ ચિત્તો પણ સાત છે.

તે પછી ' कामधातुया कति खन्धा ' વગેરે પ્રશ્નોના જવાબ આવે છે. કામધાતુ એટલે કામાવચર લોક. એમાં ઉપર્યુક્તમાંથી કયા કયા ધર્મો છે તે અહીં પ્રશ્નોત્તરરૂપે કહેવામાં આવ્યું છે. તે જ પ્રમાણે રૂપાવચર લોક, અરૂપાવચર લોક, લોકોત્તર ભૂમિ (અપરિયાપન્નં) વગેરેનાં વર્ણનો આવે છે.

આમ વિભઙ્ગપ્રકરણનો ટૂંકમાં આ સાર છે. આ ટૂંકો સંક્ષેપ છે. ધમ્મસંગણિ સારી રીતે સમજવા માટે આ પ્રકરણ ખાસ ઉપયોગી છે.

ધાતુકથા

આ પ્રકરણનો આરંભ આવી રીતે થાય છે:

' सङ्गहो, असङ्गहो, सङ्गहितेन असङ्गहितं, असङ्गहितेन सङ्गहितं- ' ઇત્યાદિ આ માતિકાને અન્તે ' सब्बापि धम्मसङ्गणि धातुकथाय मातिका ति ' એમ કહ્યું છે.

એટલે ધમ્મસઙ્ગણિને મૂલભૂત માનીને તેનો જ અર્થ બીજી રીતે સ્પષ્ટ કરવા માટે આ પ્રકરણ લખાયું હોય એમ દેખાય છે.

રૂપસ્કન્ધ કેટલા સ્કન્ધો વડે, કેટલાં આયતનો વડે અને કેટલાં ધાતુઓ વડે સંગૃહીત થાય છે? એ પ્રશ્નના જવાબમાં કહેવામાં આવ્યું છે કે રૂપસ્કન્ધ એક સ્કન્ધ વડે, અગિયાર આયતનો વડે તથા અગિયાર ધાતુઓ વડે સંગૃહીત થાય છે. કેટલા વડે અસંગૃહીત થાય છે? તો કહે છે કે ચાર સ્કન્ધો વડે, એક આયતન વડે તથા સાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાતુઓ વડે, તે અસંગૃહીત થાય છે. એવી જ રીતે વેદના, સંજ્ઞા, સંસ્કાર, વિજ્ઞાન સ્કન્ધો વિશે પ્રશ્નોત્તર ક્રમશઃ આવે છે તે પછી આયતનો, ધાતુઓ, આર્યસત્યો, બાવીસ ઇન્દ્રિયો, પ્રતીત્યસમુત્પાદ, ચાર સ્મૃત્યુપસ્થાનો, ચાર સમ્યક્ પ્રધાનો, ચાર ઇદ્ધિપાદ, ચાર ધ્યાનો, ઇત્યાદિ ધર્મોનું વિભઙ્ગના ક્રમથી ઉપર જણાવ્યા જેવું જ વર્ણન આવે છે; અને પછી ધમ્મસઙ્ગણિની માતિકામાં જણાવેલા ધર્મોનું વર્ણન આવે છે. આમ સંગ્રહાસંગ્રહની વ્યાખ્યા (પ્રતિપાદન) પૂરી થયા પછી 'सङ्गहितेन असङ्गहितं' વગેરે વાકયોનું વિવેચન આવે છે.

પુગ્ગલપઞ્ઞત્તિ અને કથાવત્થુ

આ બે પ્રકરણોનો સંગ્રહ સુત્તપિટકમાં કરવો શકય હતો× તોપણ તે પ્રકરણો અભિધમ્મપિટકમાં જ રહ્યાં છે એ વાત મેં અગાઉ કહી જ છે.

પુગ્ગલપઞ્ઞતિનો આરંભ આમ થાય છેઃ–

छ पञ्ञत्तियो–खन्धपञ्ञत्ति, आयतनपञ्ञत्ति, धातुपञ्ञत्ति, सच्चपञ्ञत्ति, इन्द्रियपञ्ञत्ति, पुग्गलपञ्ञत्ति ।

આ છ પ્રજ્ઞપ્તિઓમાંથી પાંચ વિભઙ્ગમાં પણ આવે છે. પણ તેમનું વિભઙ્ગપદ્ધતિથી યા અન્ય કોઇ પદ્ધતિથી વિવેચન કરવામાં આવેલું નથી; ત્યાં માત્ર સ્કન્ધાદિનાં નામ જ આપેલાં છે. જે કેટલોક વિસ્તાર કરેલો છે તે પુગ્ગલોની બાબતમાં. એકવિધથી માંડીને દશવિધ સુધીના પુગ્ગલોના ભેદ માતિકામાં ગણાવીને તેમના વર્ણનથી આખું પ્રકરણ ભરેલું છે. એ પ્રકરણ અંગુત્તરનિકાયમાં દાખલ કરી શકાત, કારણ તે નિકાયની તેમ જ આ પ્રકરણની પદ્ધતિ એક જ છે. એમાં ફેર એટલો જ કે અંગુત્તરનિકાયમાં કેવળ પુદ્ગલોનો જ નહિ પણ બધી વસ્તુઓનો સંગ્રહ કરેલો છે, જ્યારે આમાં માત્ર એકલા પુદ્ગલોનો જ સંગ્રહ કરેલો છે.

અશોકના વખતમાં સંઘમાં કે સંઘની બહાર પુદ્ગલોની

× જુઓ વ્યાખ્યાન બીજું, પૃ. ૧૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાબતમાં (વ્યક્તિત્વની બાબતમાં) તેમ જ બીજા કેટલાક મુદ્દાઓની બાબતમાં જે અનેક વાદ કે ઝગડા ઉપસ્થિત થયા હતા તેઓનું નિરસન કથાવત્થુ પ્રકરણમાં કરવામાં આવ્યું છે. એ દૃષ્ટિથી આ પ્રકરણ ઘણું ઉપયોગી હોય તોપણ હાલ જેને અભિધર્મ કહે છે, તે અભિધર્મના જ્ઞાન માટે એનો કશો ઉપયોગ નથી. આ પ્રકરણ તથા પુગ્ગલપઞ્ઞત્તિ પ્રકરણ એ બે અભિધર્મમાં ન હોત તોય ચાલત; કશી મુશ્કેલી ઊભી થાત નહિ.

યમક

આ પ્રકરણના મૂલયમક, ખન્ધયમક, આયતનયમક, ધાતુયમક, સચ્ચયમક, સંખારયમક, અનુસયયમક, ચિત્તયમક, ધમ્મયમક, ઇન્દ્રિયયમક એમ દસ વિભાગ છે. એમાં આવતા વિષયોની પ્રશ્નોત્તરરૂપે ચર્ચા હોવાથી એને યમક (પ્રશ્ન અને ઉત્તરની જોડી) કહે છે. આ પ્રકરણ વિભઙ્ગથી બેવડું મોટું છે,* તોય તે વિભઙ્ગ જેટલું મહત્ત્વનું નથી. ધમ્મસઙ્ગણિ અને વિભઙ્ગ બરાબર સમજાયાં હોય તો આ પ્રકરણનું જ્ઞાન ઘણી સહેલાઇથી થઇ શકે તેમ છે.

મૂલયમકમાં ત્રણ અકુશલ હેતુ અને ત્રણ કુશલ તેમ જ અવ્યાકૃત હેતુઓનું વર્ણન છે. નમૂના દાખલ:—

જે કોઈ કુશલ ધર્મો છે તે બધા કુશલ મૂલો ખરાં કે? ત્રણ કુશલ ધર્મો કુશલ મૂલો (અલોભ, અદ્વેષ અને અમોહ) છે. બાકીના કુશલ ધર્મ કુશલ મૂલો નથી.

સ્કન્ધોની બાબતમાં એક દાખલો લઇએ. રૂપ રૂપસ્કન્ધ ખરું કે? પ્રિયરૂપ સાતરૂપ (ગમતી વસ્તુ) રૂપ સ્કન્ધ નથી; રૂપસ્કન્ધ રૂપ અને રૂપસ્કન્ધ બને છે; એવા વિચિત્ર ઉત્તરો પણ આ પ્રકરણમાં આપણને જોવા મળે છે. અહીં ગમો (વસ્તુનું ગમવું તે) રૂપસ્કન્ધાન્તર્ગત નથી એ કહેવાની કશી જરૂર નથી. રૂપ શબ્દના ભિન્ન અર્થને ધ્યાનમાં લઈને આ જવાબ અપાયેલો છે.

ધમ્મસંગણિ છોડીને બાકી રહેતાં પાંચ પ્રકરણોનું આ દિગ્દર્શન થયું. પટ્ઠાન ધમ્મસઙ્ગણિ પછી બીજા નંબરનું મહત્ત્વનું પ્રકરણ છે. તેથી તેનો વિચાર પાંચમા વ્યાખ્યાનમાં કરીશું.

---

* સ્યામ સંસ્કરણમાં આની પૃષ્ઠસંખ્યા ૧૩૦૯ છે તથા તે જ સંસ્કરણમાં વિભઙ્ગની પૃષ્ઠસંખ્યા ૫૮૮ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. ચિત્તોનો સમન્વય

" यस्मिं समये कामावचर कुसलं चित्तं उप्पन्नं होति...रूपारम्मणं वा सद्दारम्मणं वा गन्धारम्मणं वा रसारम्मणं वा फोट्ठब्बारम्मणं वा धम्मारम्मणं वा " આ ધમ્મસઙ્ગણિમાંનો ઉતારો બીજા વ્યાખ્યાનમાં આપેલો જ છે. એમાં જે છ આરમ્મણોનો ઉલ્લેખ છે તેઓની વ્યાખ્યા રૂપકણ્ડમાં આવે છે. પણ ધમ્મારમ્મણની સંપૂર્ણ વ્યાખ્યા ક્યાંય મળતી નથી. બીજી વાત એ કે આ ચિત્તો આલમ્બનોમાંથી શી રીતે પેદા થાય છે અને એમનો અરસપરસ સંબંધ કેવો હોય છે તેનો વિચાર ધમ્મસઙ્ગણિમાં કરવામાં આવ્યો નથી. ધમ્મસઙ્ગણિ એટલે ધમ્મોની પ્રશ્નોત્તરરૂપે વ્યવસ્થિત ગણના.* એટલે એમાં માત્ર ગણના જ છે. તેનો અરસપરસ સંબંધ સમજાયા વિના પૂરો અર્થ સમજવો મુશ્કેલ છે. વિભઙ્ગ અને પટ્ઠાન એ બે પ્રકરણોને આધારે એ સંબંધ સ્પષ્ટ કરી શકાય છે. એ સંબંધ જોડવાનું કામ બુદ્ધઘોષાચાર્યે વિસુદ્ધિમગ્ગમાં અને અનુરુદ્ધાચાર્યે અભિધમ્મત્થસંગહમાં કર્યું છે અને તેથી આ બે ગ્રંથોનું અધ્યયન કરવાથી અભિધમ્મનું જ્ઞાન પ્રાપ્ત કરવું સહેલું બન્યું છે. એટલે તેમને જ આધારે ધમ્મસઙ્ગણિમાં ગણાવેલાં ચિત્તોનો સમન્વય શી રીતે કરવો તે સંક્ષેપમાં કહીશ.

પાંચ આલમ્બનો અને પઞ્ચદ્વારવીથિ

ઘડપણથી જર્જર થયેલો માણસ જેમ લાકડીનો ટેકો લીધા વિના ચાલી શકતો નથી, તેમ કોઈપણ ચિત્ત આલમ્બન વિના ચાલી શકતું નથી એટલે કે પેદા જ થઇ શકતું નથી. ચક્ષુર્ગ્રાહ્ય એવા રૂપનો જ્યારે સંબંધ થાય છે ત્યારે તેના સંસર્ગથી ચક્ષુર્વિજ્ઞાન પેદા થાય છે. તે જ પ્રમાણે શ્રોત્ર અને શબ્દ, ઘ્રાણ અને ગંધ, જિહ્વા અને રસ, કાય અને સ્પૃશ્યના સંસર્ગથી અનુક્રમે શ્રોત્રવિજ્ઞાન, ઘ્રાણવિજ્ઞાન, જિહ્વાવિજ્ઞાન અને કાયવિજ્ઞાન પેદા થાય છે.

જ્યારે રૂપ ચક્ષુના માર્ગમાં આવે છે (आपाथं आगच्छति) ત્યારે

---

* જુઓ ધમ્મસઙ્ગણિની પ્રસ્તાવના પૃ. ૧૧–૧૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે વાર ભવાઙ્ગ વિચલિત થાય છે અને ક્રિયામનોધાતુ (નં. ૭૦ પઞ્ચદ્વારાવજ્જન) ઉત્પન્ન થઇને નિરોધ પામે છે. તે પછી ચક્ષુર્વિજ્ઞાન (નં. ૩૪ અથવા ૬૩), વિપાકમનોધાતુ (સંપટિચ્છન નં. ૩૯ અથવા ૬૮), વિપાકમનોવિજ્ઞાનધાતુ (સન્તી-રણ નં. ૪૦, ૪૧ અથવા ૬૯) અને અહેતુકક્રિયામનોવિજ્ઞાનધાતુ (વોટ્ઠપન–વ્યવસ્થાપન નં. ૭૨) એટલાં ચિત્તો એક પછી એક પેદા થઇને નિરોધ પામે છે. તે પછી કામાવચર કુશલ (નં. ૧–૮), અકુશલ (નં. ૨૨–૨૩) અથવા ક્રિયાચિત્તો (નં. ૭૧,૭૩–૮૦) એમાંથી એકાદ ચિત્ત ૭ વાર કે સાત વાર પેદા થઇને નિરોધ પામે છે. તે પછી કામાવચર વિપાક મનોવિઞ્ઞાણ ધાતુમાંથી (નં. ૪૦–૪૯ અને ૬૯ એમાંથી કોઇ એક) એક બે વાર પેદા થઇને નિરોધ પામે છે. આને તદારમ્મણ કહે છે. આ ચિત્તવિપાક હોવા છતાં કુશલ કે અકુશલ કામાવચર ચિત્તોના આલંબનના આધારે પ્રવર્તે છે તેથી આને (તદારમ્મણ, તદાલમ્બન) કહે છે. એવી રીતે બે ભવાઙ્ગચલનો પઞ્ચદ્વારાવર્જન, ચક્ષુર્વિજ્ઞાન, સંપ્રતીચ્છન, સન્તીરણ, વ્યવસ્થાપન, સાત જવનો (ઝડપથી વહેતી ચિત્તપરંપરા) અને બે તદાલમ્બનો મળીને સોળ ચિત્તક્ષણરૂપપરંપરા થાય છે. આ પરંપરાની ઉત્પત્તિથી એક ક્ષણ પહેલાં જ રૂપારમ્મણ અસ્તિત્વમાં આવ્યું હોવું જોઇએ; નહિ તો તે વિના આખી ચિત્તપરંપરા પરિપૂર્ણ થતી નથી. આ પૂર્વ ક્ષણને અતીત ભવાઙ્ગ કહે છે. તે એક ક્ષણ અને તે પછીના સોળ ક્ષણ મળીને ૧૭ ચિત્તક્ષણ રૂપાદિક આલંબનનું આયુષ હોય છે. ચિત્ત ક્ષણે ક્ષણે બદલાયા કરે છે અને આ રૂપસ્કન્ધાન્તર્ગત આલંબનો ૧૭ ચિત્તક્ષણો પસાર થતાં બદલાય છે. ચિત્તક્ષણો બદલાય છે, તેઓની ઉપર જે ચિત્તપરંપરા અવલંબીને રહેલી હોય છે તેને પઞ્ચદ્વાર-વીથિ કહે છે. આમાંનાં બે ભવાઙ્ગચલનો બાદ કરતાં બાકીનાં વીથિ-ચિત્તો છે. એવી જ રીતે શબ્દ, ગન્ધ, રસ અને સ્પૃશ્ય એ આલંબનો ઉપર ચિત્ત પ્રવૃત્ત થાય છે. ફેર એટલો જ કે, ચક્ષુર્વિજ્ઞાનને ઠેકાણે શ્રોત્રવિજ્ઞાન, ઘ્રાણવિજ્ઞાન, જિહ્વાવિજ્ઞાન તથા કાયવિજ્ઞાન ક્રમશઃ આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધમ્મારમ્મણ અને મનોદ્વારવીથિ

રૂપ, શબ્દ, ગંધ અને રસ એ ચાર આયતનો અથવા આલંબનો, અને સ્પર્શદ્વારા જેમનો બોધ થાય છે એવી પૃથ્વી, તેજ અને વાયુ એ ત્રણ મહાભૂતો* મળીને સાત રૂપો બાદ કરતાં બાકી રહેતાં ૨૧ રૂપો પઞ્ચેન્દ્રિયગ્રાહ્ય નથી. તેથી તેમનો, ચિત્તચેતસિકોનો, પ્રજ્ઞપ્તિનો તથા નિર્વાણનો ધર્માવલમ્બનમાં સમાવેશ થાય છે.

ચિત્તોની તથા ચેતસિકોની માહિતી બીજા અને ત્રીજા વ્યાખ્યાનમાં આપવામાં આવી જ છે. પ્રજ્ઞપ્તિના છ પ્રકાર છેઃ– વિદ્યમાન, અવિદ્યમાન, વિદ્યમાનેન અવિદ્યમાન, અવિદ્યમાનેન વિદ્યમાન, વિદ્યમાનેન વિદ્યમાન અને અવિદ્યમાનેન અવિદ્યમાન. રૂપ, વેદના એવા વસ્તુદર્શક શબ્દો તે વિદ્યમાન પ્રજ્ઞપ્તિ છે. ભૂમિ, પર્વત, સ્ત્રી પુરુષ વગેરે પરમાર્થતઃ અવિદ્યમાન હોવાથી એવા પદાર્થના પ્રજ્ઞાપક શબ્દો અવિદ્યમાન પ્રજ્ઞપ્તિ કહેવાય. સુખદુઃખસંવેદી એ વિદ્યમાનેન અવિદ્યમાન પ્રજ્ઞપ્તિ છે; કારણ સુખદુઃખ છે, પણ સંવેદી કોઇ પરમાર્થતઃ નથી. સ્ત્રી શબ્દ (સ્ત્રી દ્વારા બોલાતો શબ્દ) એ અવિદ્યમાનેન વિદ્યમાન પ્રજ્ઞપ્તિ છે; કારણ સ્ત્રી પરમાર્થતઃ નથી, પણ તેનો શબ્દ તો છે. ચક્ષુર્વિજ્ઞાન એ વિદ્યમાનેનં વિદ્યમાન પ્રજ્ઞપ્તિ છે; કારણ ચક્ષુ અને વિજ્ઞાન બંને પરમાર્થતઃ છે. રાજપુત્ર એ અવિદ્યમાનેન અવિદ્યમાન પ્રજ્ઞપ્તિ છે; કારણ પરમાર્થતઃ રાજાય નથી તેમ જ પુત્ર પણ નથી.

નિર્માણ વસ્તુતઃ છે ખરું, પણ તે કેવળ ચાર લોકોત્તર માર્ગ, ચાર ફળો, અને તે પછી આવનાર પ્રત્યવેક્ષણ ચિત્તનું આલંબન બને છે, બીજાં લૌકિક ચિત્તો તેનું આલંબન કરી શકતાં નથી.

નિર્વાણ બાદ કરતાં બીજાં ધર્માવલંબનો ઉપર કામાવચર ચિત્ત પ્રવર્તે છે.× ધર્માવલંબન ઉપર ચાલનારી વીથિ તે મનોદ્વાર વીથિ,

---

* જળમાં સ્પર્શ નથી એમ માને છે. બાકીનાં ત્રણ મહાભૂતોને ફોટ્ઠબ્બાયતન [સ્પૃશ્યાયતન] કહે છે.

× સ્રોતાપન્નાદિના માર્ગફળ પછી આવનારાં પ્રત્યવેક્ષણ ચિત્તો કામાવચર જ હોય છે, તે આ નિયમને અપવાદરૂપ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તેની શરૂઆતમાં બે વાર ભવાઙ્ગચલન થાય છે, તે પછી અહેતુક ક્રિયામનોવિજ્ઞાનધાતુ ઉપેક્ષાસહગત (મનોદ્વારાવર્જન નં. ૭૨) પેદા થઇને નિરોધ પામે છે. તે પછી કામાવચર કુશલ, અકુશલ અને ક્રિયા એમાનું એક સાતવાર પેદા થઈને નષ્ટ થાય છે અને તેની પછી લગોલગ તરત બે તદારમ્મણ ચિત્તો પેદા થઇને નષ્ટ થાય છે. તે પછી ભવાઙ્ગપાત. એટલી ભવાઙ્ગની પ્રવૃત્તિ. એવી રીતે મનોદ્વારાવર્જન, સાત જવનો અને બે તદારમ્મણો મળીને આ વીથિમાં ૧૦ વીથિચિત્તો હોય છે.

ધ્યાનવીથિ (અપ્પનાવીથિ)

ધ્યાન સાધનારો યોગી પૃથ્વીમંડલાદિ આલંબનો ઉપર ચિત્તને એકાગ્ર કરવાનો અભ્યાસ કરે છે.× પ્રથમ તે મંડળ આંખ આગળ મૂકીને તેની ઉપર અભ્યાસ કરે છે. આ મંડળના દૃશ્યને પરિકર્મનિમિત્ત કહે છે. આંખો બંધ કર્યા પછી પણ એ દૃશ્ય જ્યારે સ્પષ્ટ દેખાવા માંડે છે ત્યારે તેને ઉદ્ગ્રહ (ઉગ્ગહ) નિમિત્ત કહે છે. એમાં જડ મંડલની થોડીક ઝાંખી રહે છે. પણ તે પછી તે ઉદ્ગ્રહનિમિત્તમાંથી બીજું જ એક અદ્વિતીય દેદીપ્યમાન મંડલ દેખાવા માંડે છે. તેને પ્રતિભાગનિમિત્ત કહે છે.× આ નિમિત્ત ઉપર ચિત્તને એકાગ્ર કરતાં કરતાં ધ્યાન (અપ્પના) પ્રાપ્ત થાય છે. એ ધ્યાનચિત્તોથી પહેલાં પૂર્વે જે ત્રણ કે ચાર કામાવચર ચિત્તો આવે છે, તેઓનો ઉપચારસમાધિમાં સમાવેશ થાય છે. જેમ ગામની પાસેના પ્રદેશને ગ્રામોપચાર કહે છે અને નગરની પાસેના પ્રદેશને નગરોપચાર કહે છે તેમ ધ્યાનસમાધિની પાસેની સમાધિને ઉપચારસમાધિ કહે છે. આ ધ્યાનવીથિ નીચે જણાવ્યા પ્રમાણે છેઃ—

બે વાર ભવાઙ્ગચલનો, મનોદ્વારાવર્જન, ચાર ઉપચારચિત્તો, તે પછી એક ધ્યાનચિત્ત, અને તેની પછી ભવાઙ્ગપાત. ચાર ઉપચાર ચિત્તોમાંના પહેલાને પરિકર્મ, બીજાને ઉપચાર, ત્રીજાને અનુલોમ અને ચોથાને ગોત્રભૂ કહે છે. જે કામાવચર ચિત્ત છોડીને રૂપાવચર

× જુઓ સમાધિ માર્ગ, પૃ. ૮૮–૯૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર પેદા કરે છે તેનું નામ ગોત્રભૂચિત્ત. પહેલ પ્રથમ પ્રાપ્ત થનારું ધ્યાન આમ એક ક્ષણવાર જ ટકે છે. પણ યોગી જ્યારે ફરી તે જ ધ્યાન સંપાદન કરે છે ત્યારે તે એ ધ્યાનને ઘણા ક્ષણ સુધી (એક દિવસ આખો અથવા એક આખી રાત પણ) ટકાવી શકે છે. એ જ પ્રમાણે બધા રૂપાવચર, અરૂપાવચર અને લોકોત્તર ધ્યાનની વીથિ વિશે સમજવું.

લોકોત્તર ધ્યાનનાં બધાં આલંબનો પ્રજ્ઞપ્તિમય હોય છે. અરૂપાવચરમાં આકાશાનંત્યાયતન અને આકિંચન્યાયતન આ એનું આલંબન પ્રજ્ઞપ્તિ જ છે અને બાકી એનું આલંબન મહદ્‌ગતવિજ્ઞાન છે એમ જાણવું. લોકોત્તર માર્ગોનું તેમ જ ફળોનું આલંબન નિર્વાણ હોય છે. માર્ગ સમાધિ એક ક્ષણમાત્ર જ ટકે છે. જુદાં જુદાં સંયોજનોનો નાશ કરવો એ જ માર્ગોનું કાર્ય હોય છે. તે એક ક્ષણમાં થાય છે. ફલસમાધિ લાંબા વખત સુધી ટકે છે.

મરણાસન્ન વીથિ

આસન્નમરણ પ્રાણીને તેણે કરેલું કર્મ, તે કર્મનું ઉપકરણ અને ઉત્પન્ન થનાર લોકનું નિમિત્ત એમાંથી એક આલંબન પ્રાપ્ત થાય છે. કર્મ એટલે કુશલ અથવા અકુશલ કૃત્ય, એ તો અતીત જ હોય છે. તેણે જો કોઇની હત્યા કરી હોય તો તે અકુશલ કર્મનું સાધન જે હથિયાર તે તેની સામે ઉપસ્થિત થાય છે અથવા તો તે ત્યાં હોય તો દેખાય છે. જે પદાર્થ તેણે દાનમાં આપ્યા હોય તે તેની નજર આગળ આવે છે અથવા તો તે ત્યાં હોય તો તેને પ્રત્યક્ષ નજરોનજર દેખાય છે. રૂપાવચર–અરૂપાવચર લોકમાં જન્મ થવાનો હોય તો ધ્યાનનાં તે તે આલંબનો મન સામે આવે છે.

કામલોકમાં જન્મેલા માણસે પુષ્કળ પાપકર્મ કર્યું હોય, તો મરણ સમયે તે કર્મ તેને સાંભરે છે અથવા તે કર્મનું સાધન યાદ આવે છે અથવા તો તે ત્યાં હોય તો પ્રત્યક્ષ દેખાય છે, અથવા નરકાદિ અપાયમાનાં અગ્નિની જ્વાળા વગેરે દૃશ્યો તેની નજર આગળ આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે જો દાન ધર્માદિ પુણ્યકાર્યો ઘણાં કર્યાં હોય તો તે અથવા તેનાં સાધનો અથવા સ્વર્ગનાં નંદનવનાદિ દૃશ્યો તેને ભાસવા લાગે છે. આ બન્નેની ચિત્તપ્રવૃત્તિ કામાવચર પગ્-ચદ્વાર વીથિ પ્રમાણે અથવા તો મનોદ્વારવીથિ પ્રમાણે જ થાય છે. માત્ર છેવટનું ચિત્ત પાંચ ક્ષણ પર્યંત પ્રવર્તે છે. તે પછી બે તદારમ્મણ ચિત્તો ઉત્પન્ન થાય છે અને નથી પણ થતાં. આવી રીતે આ વીથિ પૂરી થયા પછી અથવા થોડીક આવરદા બાકી હોય તો એક બે ભવાઙ્ગ ચિત્તો ઉત્પન્ન થઇ ગયા પછી તરત જ જે આખરનું ભવાઙ્ગ ચિત્ત આવે છે તેને ચુતિ કહે છે. તે નષ્ટ થયું કે તરતજ પ્રતિસંધિ થાય છે. એટલે પુનર્ભવનો આરંભ થાય છે. પાપ કર્મો કરનારા નરકાદિ અપાયમાં જન્મે છે, અને પુણ્ય કર્મો કરનારો મનુષ્ય લોકમાં અથવા તો કામાવચર દેવલોકમાં જન્મ પામે છે.

રૂપાવચર અથવા તો અરૂપાવચર ધ્યાનો જેણે સંપાદન કર્યાં હોય તેમની આગળ તે તે ધ્યાનનું નિમિત્ત ખડું થાય છે; અને ચુતિ થતાંની સાથે જ તેઓ તે તે ધ્યાનલોકમાં અથવા તે તે અરૂપાવચર આયતન લોકમાં જન્મે છે, લોકોત્તર માર્ગોનાં ફળ તે જ જન્મમાં પ્રાપ્ત થાય છે, અર્હત્ફલથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

ચિત્તોનાં કૃત્યો

બધાં ૮૯ ચિત્તોનાં કુલ કૃત્યો (કિચ્ચાનિ) ૧૪ છે. ચિત્તોનો અરસપરસ સંબંધ બરાબર ધ્યાનમાં આવે એટલા માટે આ કૃત્યોનું ટૂંકમાં વિવેચન કરવું જરૂરનું છે.

પ્રતિસંધિ (પટિસન્ધિ), ભવાઙ્ગ (ભવઙ્ગ) આવર્જન (આવજ્જન), દર્શન (દસ્સન), શ્રવણ (સવન), ઘ્રાણ (ઘાયન), રસન (સાયન), સ્પર્શન (ફુસન), સંપ્રતીચ્છન (સમ્પટિચ્છન), સન્તીરણ, વ્યવસ્થાપન (વોટ્ઠપન), જવન, તદાલમ્બન (તદારમ્મણ) અને ચુતિ એમ કુલ કૃત્યોની સંખ્યા ૧૪ છે.

પ્રતિસંધિ કૃત્ય કરનારાં ચિત્તોની સંખ્યા નીચે બતાવ્યા મુજબ કુલ ૧૯ છે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) અકુશલવિપાક મનોવિજ્ઞાનધાતુ (નં. ૬૯). અકુશલ કર્મની આ એક જ પ્રતિસંધિ છે. જે પ્રાણીઓ વારંવાર અકુશલ કર્મો (નં. ૨૨–૩૩) કરે છે તેઓ નરક, તિર્યગ્યોનિ, અસુર, અને પ્રેત એ ચાર અપાયલોકમાં જન્મે છે. એ જન્મમાં સૌથી પ્રથમ આ ચિત્ત પ્રતિસંધિકાર્યરૂપે પ્રકટ થાય છે.

(૨) કામાવચર અહેતુક વિપાક મનોવિજ્ઞાનધાતુ (નં. ૪૦). જેમનું કામાવચર કર્મ દ્વિહેતુક તથા દુર્બળ હોય છે, તેઓ મનુષ્યલોકમાં જન્માંધ, જન્મબધિર, નપુંસક ઇત્યાદિને રૂપે જન્મે છે. તેમનું આ ચિત્ત પ્રતિસંધિકૃત્ય કરે છે.

(૩–૧૦) આઠ કામાવચર કુશલકર્મોને પરિણામે (નં. ૧–૮) તે તે કર્માનુસાર મનુષ્યલોકમાં અને કામાવચર દેવલોકમાં જન્મ થાય છે. એ પ્રતિસંધિકૃત્યોને અનુક્રમે આઠ કામાવચર સહેતુક વિપાક ચિત્તો (નં. ૪૨–૪૯) કહે છે. એમને મહાવિપાક પણ કહે છે. જે બુદ્ધિપૂર્વક કુશલ કર્મો કરતા નથી (નં ૩–૪ તથા ૭–૮) તેમની પ્રતિસંધિઓ જ્ઞાનવિપ્રયુક્ત એટલે કે દ્વિહેતુક (નં. ૪૪–૪૫ તથા ૪૮–૪૯) હોય છે, તે મનુષ્યલોકમાં જન્મે છે અને તેમનામાં બુદ્ધિબળ હોતું નથી. કામાવચર ત્રિહેતુક કુશલ કર્મો (નં. ૧–૨ તથા ૫–૬) ઉત્તમ રીતે આચરનારાઓ મનુષ્યલોકમાં અથવા કામાવચર દેવલોકમાં જન્મે છે. તેમની પ્રતિસંધિ ત્રિહેતુક (નં. ૪૨–૪૩ તથા ૪૬–૪૭) હોય છે.

રૂપાવચર પાંચ કુશલ ધ્યાનો (નં. ૯થી૧૩) સાધ્ય કરીને તે તે ધ્યાનભૂમિમાં જન્મનારાઓની પ્રતિસંધિઓ વિપાક ધ્યાન રૂપ પાંચ હોય છે (નં. ૫૦–૫૪). તે જ પ્રમાણે અરૂપાવચર ધ્યાનોના (નં. ૧૪–૧૭) વિપાક આકાશાનંત્યાયતનાદિ લોકોમાં (નં. ૫૫–૫૮) થાય છે.

એમ ૧૦ કામાવચર, ૫ રૂપાવચર અને ૪ અરૂપાવચર વિપાક ચિત્તો પ્રતિસંધિકૃત્ય કરે છે. આ જ ચિત્તો બીજા ક્ષણથી ભવાઙ્ગકૃત્ય કરે છે, અને જન્મને અંતે ચ્યુતિકૃત્ય કરે છે. એટલે આમાંથી જે ચિત્તને લીધે પ્રાતસંધિ થાય છે તે જ ચિત્ત તે ભવ (જન્મ) અંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(આધાર) થાય છે, અને આખરે તેજ ચુતિરૂપે તે જન્મનો અંત આણે છે.

ક્રિયામનોધાતુ (નં. ૭૦) અને ઉપેક્ષાસહગત અહેતુક ક્રિયા-મનોવિજ્ઞાન ધાતુ (નં. ૭૨) એ બે ચિત્તો આવર્જનકૃત્ય કરે છે. એમાં પહેલું ચિત્ત પઞ્ચદ્વારાવર્જન અને બીજું ચિત્ત મનોદ્વારાવર્જન કૃત્ય કરે છે.

કુશલવિપાક ચક્ષુર્વિજ્ઞાન (નં. ૩૪) અને અકુશલવિપાક ચક્ષુ-ર્વિજ્ઞાન (નં. ૬૩) એ બે ચિત્તો દર્શનકૃત્ય કરે છે. કુશલવિપાક શ્રોત્રવિજ્ઞાન (નં. ૩૫) અને અકુશલવિપાક શ્રોત્રવિજ્ઞાન (નં. ૬૪) એ બે ચિત્તો શ્રવણ કૃત્ય કરે છે. કુશલવિપાક ઘ્રાણવિજ્ઞાન (નં. ૩૬) અને અકુશલવિપાક ઘ્રાણવિજ્ઞાન (નં. ૬૫) એ બે ઘ્રાણ (ઘ્રાયન) કૃત્યો કરે છે. કુશલવિપાક જિહ્વાવિજ્ઞાન (નં. ૩૭) અને અકુશલવિપાક જિહ્વા-વિજ્ઞાન (નં. ૬૬) એ બે રસન (સાયન) કૃત્યો કરે છે. કુશલવિપાક કાયવિજ્ઞાન (નં. ૩૮) અને અકુશલવિપાક કાયવિજ્ઞાન (નં. ૬૭) એ બે સ્પર્શન કૃત્યો કરે છે. જ્યારે આરમ્મણ ઇષ્ટ હોય છે ત્યારે આમાંનાં કુશલવિપાક વિજ્ઞાનો કૃત્યો કરે છે અને જ્યારે આલંબન અનિષ્ટ હોય છે ત્યારે અકુશલવિપાક વિજ્ઞાનો તે તે કૃત્યો કરે છે. આ દસને દ્વિપઞ્ચવિજ્ઞાનો એવી પણ સંજ્ઞા છે.

કુશલવિપાક મનોધાતુ (નં. ૩૯) અને અકુશલવિપાક મનોધાતુ (નં. ૬૮) એ બે ચિત્તો સંપ્રતીચ્છન કૃત્યો કરે છે. કુશલવિપાક પઞ્ચ વિજ્ઞાનો પછી કુશલવિપાક મનોધાતુ અને અકુશલવિપાક પઞ્ચવિજ્ઞાનો પછી અકુશલવિપાક મનોધાતુ આવે છે.

કુશલવિપાક અહેતુક મનોવિજ્ઞાનધાતુ સોમનસ્યસહગત તથા ઉપેક્ષાસહગત (નં. ૪૧, ૪૦) અને અકુશલવિપાક મનોવિજ્ઞાનધાતુ (નં. ૬૯) આ ત્રણ ચિત્તો સન્તીરણ કૃત્યો કરે છે. જ્યારે આરમ્મણ અતિશય ઇષ્ટ હોય છે ત્યારે આમાંનું પહેલું, જ્યારે સાધારણ ઇષ્ટ હોય છે ત્યારે બીજું, અને જ્યારે અનિષ્ટ હોય છે ત્યારે ત્રીજું ચિત્ત સન્તીરણ કૃત્ય કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહેતુક ઉપેક્ષાસહગત ક્રિયામનોવિજ્ઞાનધાતુ (નં. ૭૨) એ જ ચિત્ત ૫ગ-ચદ્વારવીથિમાં સન્તીરણ પછી તરત જ વ્યવસ્થાપન કૃત્ય કરે છે.

જવનકૃત્યો કરનારાં કુલ ૫૫ ચિત્તો છે તે નીચે મુજબ:—

૮ કામાવચર કુશલ (નં. ૧–૮)
૧૨ અકુશલ (નં. ૨૨–૨૩)
૧ અહેતુક ક્રિયામનોવિજ્ઞાનધાતુ સૌમનસ્ય સહગત (નં. ૭૧)
૮ કામાવચર સહેતુક ક્રિયા (નં. ૭૩–૮૦)
આમ કુલ કામાવચર જવન ચિત્તો ૨૯ થાય છે.
૫ રૂપાવચર કુશલ (નં. ૯–૧૩)
૪ અરૂપાવચર કુશલ (નં. ૧૪–૧૭)
૫ રૂપાવચર ક્રિયા (નં. ૮૧–૮૫)
૪ અરૂપાવચર ક્રિયા (નં. ૮૬–૮૯)
આમ મહદ્ગત જવનચિત્તોની સંખ્યા ૧૮ થાય છે.
૪ લોકોત્તર માર્ગચિત્તો
૪ લોકોત્તર ફલચિત્તો
આમ લોકોત્તર જવન ચિત્તોની સંખ્યા કુલ ૮ થાય છે.
૫૫ બધાં મળીને જવન ચિત્તોની કુલ સંખ્યા ૫૫ થઇ.

આમાં જે કામાવચર જવનો ગણાવ્યાં છે તે બહુ તો એક પછી એક એમ સાત વાર આવે છે; અને તેને અંતે કયારેક કયારેક તદારમ્મણ ચિત્ત આવે છે. મહદ્ગત ધ્યાન જ્યારે પ્રથમ જ પ્રાપ્ત થાય છે ત્યારે એ જવન એક ક્ષણ જ ટકે છે. પણ ફરી તે જ પ્રાપ્ત કર્યા પછી જવનપરંપરા લાંબા વખત સુધી ચાલે છે. લોકોત્તર માર્ગ એક–ક્ષણિક જ છે. તે તે સંયોજનનો એક ક્ષણવારમાં ક્ષય કરે છે. તે સંયોજનનો ફરી ક્ષય કરવાની આવશ્યકતા રહેતી ન હોવાથી તેનું કાર્ય તે જ વખતે પૂરું થાય છે; એટલે કે માર્ગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્તનું એક જ જવન હોય છે. માર્ગ પ્રાપ્ત થયા પછી તેને સંયોજનોનો નાશ થવાથી ફરી નિર્વાણાલંબનધ્યાન પ્રાપ્ત થાય છે. એને જ ફલસમાપત્તિ કહે છે. તેમાં જવનો અનેક હોય છે. ભવાઙ્ગચિત્તપરંપરા પણ લાંબો વખત ચાલે છે. પણ તેમાં જવ (વેગ) નથી હોતો; કેવળ પૂર્વજન્મનાં કર્મને લીધે તે ચાલુ રહે છે.

તદારમ્મણ ચિત્ત માત્ર કામલોકમાં જ હોય છે. કામાવચર પ્રાણીઓ જ્યારે કામાવચર પદાર્થનું આલંબન કરે છે, ત્યારે આ ચિત્ત સાતમા જવનની પછી તરત જ બે ક્ષણ માટે ઉત્પન્ન થઇ વિલય પામે છે. રૂપારમ્મણાદિ પાંચ આરમ્મણો સ્પષ્ટ હોય તો જ સાત જવનો અને બે તદારમ્મણો આવે છે. આ પાંચ આરમ્મણોને પઞ્ચેન્દ્રિયોની કક્ષામાં (આપાથમાં) આવતાં બે ચિત્તક્ષણનો વિલંબ થાય તો, તદારમ્મણ ન થતાં જ ભવાઙ્ગપાત થાય છે (એટલે ભવાઙ્ગ આવે છે). કામાવચર પ્રાણીઓ રૂપાવચર અથવા લોકોત્તર ચિત્તોનું જ્યારે આલંબન કરે છે, ત્યારે તદારમ્મણ આવતું નથી. કેમકે આ ધ્યાનચિત્તો હોવાથી તદારમ્મણનું પ્રયોજન જ રહેતું નથી. રૂપાવચર અને અરૂપાવચર દેવોમાં કામાવચર ચિત્તો પેદા થાય છે, ત્યારે પણ તદારમ્મણ નથી હોતું. તેનું ભવાઙ્ગ ધ્યાનમય હોવાથી તદારમ્મણની જરૂર જ રહેતી નથી.

રૂપ, શબ્દ, ગંધ, રસ, સ્પૃશ્ય એ પાંચ આલંબનો ઉપર, અથવા તો કામાવચર ચિત્તો ઉપર આધાર રાખીને પ્રવર્તનાર કામાવચર પ્રાણીની જે ચિત્તપરંપરા તેની ભવાઙ્ગ ઉપર છાપ બેસાડનાર તે તદારમ્મણ ચિત્ત છે. આ વિપાકચિત્ત છે; પણ તે પૂર્વજન્મમાં કરેલાં કર્મોને લીધે પ્રતિસંધિરૂપે આવેલું નથી. સાત કામાવચર જવનોનું જે આરમ્મણ હોય છે તે જ આનું પણ આરમ્મણ હોય છે, તેથી તેને તદારમ્મણ કહે છે. સાત જવનો પૂરાં થતાંની સાથે જ ભવાઙ્ગ ચિત્ત આવવું જોઇએ, પણ તે ન આવતાં આ ચિત્ત આવે છે અને તે તે આલંબનોનું પોતે આલંબન કરીને ભવાઙ્ગ ઉપર છાપ પાડે છે.

આઠ કામાવચર સહેતુક વિપાક ચિત્તો (નં. ૪૨–૪૯)), બે કુશલવિપાક અહેતુક મનોવિજ્ઞાન ધાતુ (૪૦–૪૧) અને એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અકુશલવિપાક મનોવિજ્ઞાનધાતુ (નં. ૬૯) મળીને ૧૧ ચિત્તો તદારમ્મણ કૃત્ય કરે છે. આમાંથી નં. ૪૧ બાદ કરતાં બાકીનાં ૧૦ પ્રતિસંધિકૃત્ય પણ કરે છે. પણ એ ચિત્તો પ્રતિસંધિરૂપે અસ્તિત્વમાં આવ્યાં હોય તો આખી જિંદગી સુધી ભવાઙ્ગરૂપે ચાલુ રહે છે, અને તદારમ્મણરૂપે અસ્તિત્વમાં આવ્યાં હોય તો બે ચિત્તક્ષણ સુધી જ ટકે છે. આ ૧૧ માંથી કયું ચિત્ત કયા સંજોગોમાં તદારમ્મણકૃત્ય કરે છે, તે નક્કી કરવું મુશ્કેલ છે. એ તો તે તે પ્રાણી ઉપર અને તે તે આલંબન ઉપર આધાર રાખે છે. દાખલા તરીકે, જેની સૌમનસ્યસહગત અસંસ્કારિક ત્રિહેતુક પ્રતિસંધિ હોય છે (નં. ૪૨) તે જો કોઇ મહાન વ્યક્તિની મુલાકાત લે તો તે પ્રસંગે કુશલજવન ચિત્ત (નં. ૧) ઉત્પન્ન થઇને તે પછી આવનારુ તદારમ્મણચિત્ત તેના પ્રતિસંધિ જેવું જ એટલે કે સૌમનસ્યસહગત ત્રિહેતુક વિપાક ચિત્ત (નં. ૪૨) જેવું હશે. જો નદી, પર્વત વગેરે જોઇને એનું મન ઉલ્લસિત થાય, તો તે પ્રસંગે જ્ઞાનવિપ્રયુક્ત સૌમનસ્યસહગત જવન પેદા થઇને (નં. ૩ અથવા ૪) પછી તદારમ્મણ પણ એવા જ પ્રકારનું વિપાકચિત્ત (નં. ૪૪ અથવા ૪૫) અથવા સૌમનસ્યસહગત અહેતુક મનોવિજ્ઞાનધાતુ ચિત્ત (નં. ૪૧) થશે.

સાપ, દુર્ગંધી પદાર્થો ઇત્યાદિ આલંબનો જો તેની ઇન્દ્રિયોની મર્યાદામાં આવે તો જવનો પ્રતિઘસંપ્રયુક્ત અથવા ઉપેક્ષાસહગત કુશલ થશે અને તદારમ્મણ અકુશલવિપાક મનોવિજ્ઞાનધાતુ ચિત્ત (નં. ૬૯) કરશે. આમ યથાયોગ્ય રીતે તદારમ્મણ ચિત્તો નક્કી કરવાં શક્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

५. पट्ठान (प्रस्थान)

પટ્ઠાન (પ્રસ્થાન) શબ્દનો અર્થ અટ્ઠકથાકારે નીચે મુજબ કર્યો છે:—

केनट्ठेन पट्ठानं ति ? नानप्पकारपच्चयट्ठेन । पकारो हि नानप्पकारत्थं दीपेति, ठानसद्दो पच्चयत्थं । " ठानाट्ठानकुसलता " ति आदिसु हि पच्चयो ठानं ति वुत्तो ।......अपरो नयो । केनट्ठेन पट्ठानं ति ? पट्ठितत्थेन, गमनट्ठेना ति अत्थो । " गोट्ठा पट्ठितगावो " ति× आगतट्ठानस्मिं हि येन पट्ठानेन पट्ठितगावो ति वुत्ता, तं अत्थतो गमनं होति ।

કયા અર્થમાં પટ્ઠાન શબ્દ વપરાય છે? તે વિવિધ પ્રકારના પ્રત્યય (કારણ)ના અર્થમાં વપરાય છે. 'પ'કાર ('પ્ર' શબ્દ) જુદા જુદા પ્રકારના અર્થો દર્શાવે છે, અને સ્થાન પ્રત્યયાર્થ બતાવે છે. સ્થાનાસ્થાનકુશલતા ઈત્યાદિ સ્થળે સ્થાન એટલે પ્રત્યય...બીજો નય. **પટ્ઠાન** કયા અર્થમાં વપરાય છે? પ્રસ્થિત ના અર્થમાં; એટલે કે ગમનના અર્થમાં. 'गोष्ठाः प्रस्थितगावः'માં પ્રસ્થાનનો પ્રસ્થિત એવો જે અર્થ કર્યો છે તે ગમનના અર્થમાં જ સમજવો.

અહીં ગમનાર્થ જ વિશેષ યોગ્ય છે. પ્રસ્થાન એટલે પ્રયાણ કરવું; એક સ્થાનથી નીકળી આગળ ચાલવા માંડવું. षड्विधं बलमादाय प्रतस्थे दिग्जिगीषया (रघुवंश ४-२६). 'પ્રસ્થાનત્રયી' શબ્દ પણ જાણીતો જ છે. ઉપનિષદાદિ પ્રસ્થાન કરનારાં ત્રણ પ્રકરણો એવો એનો અર્થ થાય છે. પટ્ઠાનનો પણ ધમ્મસઙ્ગણિથી આગળ જવું એવો અર્થ થાય છે અને આ અર્થ અટ્ઠકથાકારને માન્ય જ છે.

ધમ્મસઙ્ગણિનાં પ્રથમ ૨૨ ત્રિક અને તે પછીનાં ૧૦૦ દ્વિકનો આ પ્રકરણમાં સવિસ્તર વિચાર કરેલો હોવાથી આ પ્રકરણને 'પટ્ઠાન' એ નામ આપવામાં આવ્યું છે. પટ્ઠાનટ્ઠકથાની શરૂઆતમાં જ નીચે મુજબનો ઉલ્લેખ મળે છે:—

× मज्झिमनिकाय, महासीहनादसुत

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सम्मासम्बुद्धेन हि अनुलोमपट्ठाने द्वावीसतितिके निस्साय। तिकपट्ठानं नाम निद्दिट्ठं। सतं दुके निस्साय दुकपट्ठानं नामनिद्दिट्ठं। ततो परं द्वावीसतितिके गहेत्वा दुकसते पक्खिपित्वा दुकतिकपट्ठानं नाम दस्सितं। ततो परं दुकसतं गहेत्वा द्वावीसतिया तिकेसु पक्खिपित्वा तिकदुकपट्ठानं दस्सितं। तिके पन तिकेसु येव पक्खिपित्वा तिकतिकपट्ठानं नाम दस्सितं। दुके च दुकेसु येव पक्खिपित्वा दुकदुकपट्ठानं नाम दस्सितं। एवं—

तिकञ्च पट्ठानवरं दुकुत्तमं
दुकतिकञ्चेव तिकदुकञ्च।
तिकतिकञ्चेव दुकदुकञ्च।
छ अनुलोमम्हि नया सुगम्भीरा॥

ટૂંકામાં આનો અર્થ આમ થાય;— ધમ્મસઙ્ગણિનાં પહેલાં ૨૨ ત્રિક લઈને તેમને આધારે તિકપટ્ઠાનનું નિરૂપણ કર્યું. ૧૦૦ દ્વિકને આધારે દુકપટ્ઠાનનો નિર્દેશ કર્યો. પછી ૨૨ ત્રિક ૧૦૦ દ્વિકમાં ઉમેરીને દુકતિકપટ્ઠાન, ૧૦૦ દ્વિક ૨૨ ત્રિકમાં ભેળવીને તિકદુકપટ્ઠાન, ત્રિકમાં ત્રિક મેળવીને તિકતિકપટ્ઠાન, અને દ્વિકમાં દ્વિક મેળવીને દુકદુકપટ્ઠાન દર્શાવ્યાં છે. તે નીચે મુજબ:

તિકપટ્ઠાન, દુકપટ્ઠાન, દુકતિકપટ્ઠાન, તિકદુકપટ્ઠાન, તિકતિકપટ્ઠાન, દુકદુકપટ્ઠાન એમ અનુલોમપટ્ઠાનમાં આ છ નયો છે.

એવી જ રીતે પચ્ચનીય પટ્ઠાનમાં છ, અનુલોમ પચ્ચનીય પટ્ઠાનમાં છ અને પચ્ચનીયાનુલોમ પટ્ઠાનમાં છ એમ કુલ ચોવીસ નયો છે.

આ આટલો લાંબો ઉતારો અહીં આપવાનું પ્રયોજન એ છે કે, તે ન જોવાથી યા તો તેનો અર્થ ન સમજવાથી પશ્ચિમના પંડિતોની ભારે દિશાભૂલ થઈ. પટ્ઠાનની રચના ધમ્મસઙ્ગણિને આધારે થઈ છે એ સાદી વાત પણ તેમના ધ્યાનમાં આવી નહિ. શ્રીમતી ર્‌હિસ ડેવિડ્સ્ જેવી વિદુષીએ જ્યારે પટ્ઠાનના સંસ્કરણનું સંપાદનનું કામ હાથમાં લીધું ત્યારે ત્રિકોની પહેલાં દ્વિક હોવાં જોઈએ એમ માની દુકપટ્ઠાન છાપવા માટે તૈયાર કર્યું. પણ છેવટે એ બહેનને શંકા થઈ કે, દુકપટ્ઠાન તિકપટ્ઠાનની પહેલાં આવે કે કેમ? એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકા દૂર કરવા માટે એ બ્હેને ભિક્ષુ આનંદ મૈત્રેયને રંગૂન કાગળ લખ્યો અને જવાબ આવતાં વાર થઇ તેથી દુકપટ્ઠાન છાપી નાખ્યું !×

મારા મિત્ર જર્મન ભિક્ષુ ञाणतिलोक અભિધર્મના તજ્જ્ઞ મનાય છે. તેમણે A guide through the Abhidhamma Pitaka નામનું એક પુસ્તક ૧૯૩૮ માં પ્રસિદ્ધ કર્યું છે. (Associated News-papers of Ceylon). એ પુસ્તકમાં ૧૦૦ દુકને બદલે ૮૯ દુકો જ ગણાવ્યાં છે. (જુઓ એ પુસ્તકનું પૃષ્ઠ ૯૫)! જાતે યા તો બીજા કોઇ પાસે પટ્ઠાનમાંનાં દુકોની તેમણે કાળજીપૂર્વક ગણતરી કરાવી ખરી, પણ પટ્ઠાનના ત્રીજા ભાગના ૩૪૭મા પૃષ્ઠ ઉપર 'ओघयोगगोच्छकदुकं' એ પદમાં ૧૨ દ્વિકોનો સમાવેશ થાય છે એ તેઓને જરાય સમજાયું નહિ. એ આખું પદ એક જ દ્વિકનું સૂચક છે એમ સમજીને દ્વિકોની કુલ સંખ્યા ૮૯ છે એવો તેમણે સ્પષ્ટ ઉલ્લેખ કર્યો !

તિપિટકના સયામી સંસ્કરણમાં પટ્ઠાનના કુલ છ દળદાર ખંડ છે. એ જોતાંવેંત વાચક હિંમત જ હારી જાય છે. કોઈ માણસ જો મહામહેનતે એમાં જ પ્રવેશ કરવાનો પ્રયત્ન કરે તો તેની દિશાભૂલ થવાનો પૂરતો સંભવ રહે છે. કોઈ ગાઢ વનથી આચ્છાદિત એવા પર્વતની તળેટીએ આપણે આવી પહોંચ્યા હોઇએ, અને ત્યાંથી ભારે હિંમત કરીને કોઇ ભોમિયાની મદદ વિના માર્ગ કાઢવાનો પ્રયત્ન કરીએ તો આપણે ક્યાં પહોંચી જઇએ, એનું ઠેકાણું જ ન રહે. એવી જ સ્થિતિ પટ્ઠાનની બાબતમાં આ પાશ્ચાત્ય પંડિતોની થઈ. અટ્ઠકથાનું પૂરું અધ્યયન કર્યા વિના જ આ મહાન ગ્રંથમાં પ્રવેશ કરવાનો તેમણે પ્રયત્ન કર્યો અને આપણે ક્યાં આવી પહોંચ્યા છીએ એનો તેમને ખ્યાલ સરખો રહ્યો નહિ ! અસ્તુ.

અભિધમ્મત્થસંગહનો ૮ મો ભાગ અને પટ્ઠાનટ્ઠકથાનાં શરૂઆતનાં કેટલાંક પૃષ્ઠો કાળજીપૂર્વક વાંચ્યાં હોય, તો આ મહાપ્રકરણથી ડરવાનું કશું કારણ રહે નહિ, અને એમાં સુખેથી સંચાર કરી શકાય.

× Dukapatthana. Pali Text Society. See Preface.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પટ્ઠાનની શરૂઆતમાં ૨૪ પ્રત્યયો (કારણો) આવ્યા છે તે નીચે મુજબ છે:—

हेतुपच्चय, आरम्मणपच्चय, अधिपतिपच्चय, अनन्तरपच्चय, समनन्तरपच्चय, सहजातपच्चय, अञ्ञमञ्ञपच्चय, निस्सयपच्चय, उपनिस्सयपच्चय, पुरेजातपच्चय, पच्छाजातपच्चय, आसेवनपच्चय, कम्मपच्चय, विपाकपच्चय, आहारपच्चय, इन्द्रियपच्चय, झानपच्चय, मग्गपच्चय, सम्पयुत्तपच्चय, विप्पयुत्तपच्चय, अत्थिपच्चय, नत्थिपच्चय, विगतपच्चय, अविगतपच्चय ।

